

P.07

પ્રિયંકાની વારાણસી ફિલ્મ આવતાં વર્ષે રામનવમીએ રીલિઝ થશે

# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૪ અંક : ૧૫૦ । વિક્રમ સંવત ૨૦૮૨ : પોષ વદ ૦૮ । પાના - ૦૪ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 150 • Dt.07-01-2026 Wednesday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125

P.07

શ્રદ્ધા કપુર નાગિનનું શૂટિંગ એપ્રિલથી શરૂ કરશે




ઈરાનમાં ભારેલો અગ્નિ! સરકાર વિરોધી દેખાવોમાં ૩૫ના મોત । ૧૨૦૦ની ધરપકડ



07

**07**
JANUARY- 2026
WEDNESDAY



07

નાઇજીરિયા : સશસ્ત્ર આતંકીઓના ગોળીબારથી ૪૦થી વધુ માર્યા ગયા

જિલ્લામાં ૬૨૪ કરોડની સહાય ચૂકવાયાનો દાવો

## તકનીકી ખામીઓના કારણે ખેડૂતોથી વંચિત : ૧૫ દિવસમાં અરજી નિકાલની હૈયાધારણા

# સુરેન્દ્રનગર જિલ્લામાં ૨૦ હજાર ખેડૂતો હજુ પણ પાક સહાયથી વંચિત

**ખેતીવાડી કચેરી ખાતે રજૂઆત કરવા પહોંચેલા ખેડૂતોને અધિકારીઓ દ્વારા જણાવવામાં આવ્યું છે કે સહાય અટકવા પાછળ મુખ્યત્વે ટેકનિકલ કારણો જવાબદાર । જે ખેડૂતોના ખાતામાં 'ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર' (ડીબીટી) સક્રિય નથી અથવા જેમના ખાતા સાથે આધાર કાર્ડ લિંક નથી, તેમના પેમેન્ટ અટકી ગયા**

। પ્રતિનિધિ, સુરેન્દ્રનગર, તા.૬ ।

સુરેન્દ્રનગર જિલ્લામાં ઓક્ટોબર મહિનામાં વરસેલા આફતરૂપી માવઠાને કારણે કપાસ અને મગફળી જેવા તૈયાર પાકોને વ્યાપક નુકસાન થયું હતું. રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલા રૂ.૧૦,૦૦૦ કરોડના સહાય પેકેજ અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ ૧.૯૨ લાખ ખેડૂતોએ નુકસાનીનું વળતર મેળવવા ફોર્મ ભર્યા હતા. તંત્રના જણાવ્યા અનુસાર, અત્યાર સુધીમાં ૧.૭૨ લાખ ખેડૂતોને રૂ.૬૨૪ કરોડની સહાય ચૂકવી દેવામાં આવી છે, પરંતુ હજુ પણ ૨૦,૦૦૦ થી વધુ ખેડૂતો સહાયથી વંચિત હોવાનું સામે આવ્યું છે.ખેતીવાડી કચેરી ખાતે રજૂઆત કરવા પહોંચેલા ખેડૂતોને અધિકારીઓ દ્વારા જણાવવામાં આવ્યું છે કે સહાય અટકવા પાછળ મુખ્યત્વે ટેકનિકલ કારણો જવાબદાર છે. જે ખેડૂતોના ખાતામાં 'ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર' (ડીબીટી) સક્રિય નથી અથવા જેમના ખાતા સાથે આધાર કાર્ડ લિંક નથી, તેમના પેમેન્ટ અટકી ગયા છે.

વંચિત ખેડૂતોના પ્રશ્નોના નિકાલ માટે ખેતીવાડી વિભાગ દ્વારા અલગ-અલગ ટીમો બનાવવામાં આવી છે. અધિકારીઓએ ખાતરી આપી છે કે જે ખેડૂતોની અરજીઓ બાકી છે અથવા પેમેન્ટ અટક્યા છે, તેનો આગામી ૧૫ દિવસમાં નિકાલ કરવામાં આવશે. જોકે, આ માટે ખેડૂતોએ પોતે પણ બેંકમાં જઈ કેવાયસી અને એકાઉન્ટ લિમિટ વધારવા જેવી કામગીરી પૂર્ણ કરવી પડશે.



સૌથી મોટો પ્રશ્ન 'જનધન' ખાતાધારકો માટે ઊભો થયો છે. જનધન ખાતામાં ટ્રાન્ઝેક્શનની મર્યાદા સામાન્ય રીતે રૂ.૧૦,૦૦૦ સુધીની હોય છે, જ્યારે સરકાર દ્વારા ચૂકવવામાં આવતી સહાયની રકમ રૂ.૨૨,૦૦૦થી રૂ.૪૪,૦૦૦ સુધીની છે. મર્યાદા કરતા વધુ રકમ હોવાથી બેંક સિસ્ટમ આ નાણાં સ્વીકારી રહી નથી. ખેતીવાડી વિભાગે ખેડૂતોને તાત્કાલિક બેંકનો સંપર્ક કરી આ ક્વેરી દૂર કરવા સૂચના આપી છે.

## ૩ કિલોમીટના રોડમાં ગેરરીતિ આચરવામાં આવી હોય તેવા સ્થાનિકો દ્વારા આક્ષેપ

# સેવાલીયામાં રૂ. ૧૮ કરોડના ખર્ચે બનેલા રોડમાં ભ્રષ્ટાચારના આક્ષેપ

## રોડ બનાવ્યાનો એક જ મહિના થયો છતાં ડામર ઉખડવા લાગ્યો

। પ્રતિનિધિ, ડાકોર, તા.૬ ।

ગળતેશ્વર તાલુકાના સેવાલીયા ગામે માર્ગ અને મકાન વિભાગ દ્વારા ૧૮ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલા ૩ કિલોમીટના રોડમાં ગેરરીતિ આચરવામાં આવી હોય તેવા સ્થાનિકો દ્વારા આક્ષેપ કરવામાં આવી રહ્યાં છે.

ગળતેશ્વર તાલુકાના સેવાલીયા ગામે માર્ગ અને મકાન વિભાગ દ્વારા ટેન્ડર કરીને આશરે ૧૮ કરોડના માતબર ખર્ચે તૈયાર કરવામાં આવેલો ૩ કિલોમીટરનો ડામર રોડ વિવાદના વમળમાં ફસાયો છે. કઠલાલની વિમલ એજન્સી દ્વારા સેવાલીયા જૂના મહીસાગર બ્રિજથી સોનીપુર બળેવિયા સુધી બનાવવામાં આવેલ આ રોડમાં ગેરરીતિ આચરવામાં આવી હોવાના આક્ષેપો ઉઠયા છે.

સ્થાનિક રહીશો અને રાહદારીઓના જણાવ્યા મુજબ, હજુ તો રોડ બન્યાને માંડ એક મહિનો થયો છે ત્યાં જ ડામર ઉખડવા માંડયો છે અને રસ્તા પર પ્રસરી રહ્યો છે. પ રિસ્થિતિ એટલી હદે વણસી છે કે સેવાલીયા બજારમાં ચાલતા જતી વખતે લોકોના ચંપલ ડામરમાં ચોંટી રહ્યા છે. જાગૃત નાગરિકો પ્રશ્ન ઉઠાવી રહ્યા છે કે જો અત્યારે શિયાળાની ઠંડીમાં ડામર ઓગળી રહ્યો હોય, તો ઉનાળામાં ૪૩ ડિગ્રી તાપમાનમાં આ રોડની હાલત શું થશે ?.આ સમગ્ર મામલે નાગરિક દ્વારા માર્ગ અને મકાન વિભાગના અધિકારી મહેન્દ્રભાઈ ઝાલાને રજૂઆત કરવામાં આવતા તેમણે મૌન સેવીને એજન્સીનો લુલો બચાવ કર્યો હોય તેવું પ્રતીત થાય છે. બીજી તરફ, એજન્સીના કોન્ટ્રાક્ટર નિખિલભાઈએ તમામ ગેરરીતિઓને નકારતા પુરાવારૂપી તસવીરોને પ્રિન્ટેડ ગણાવી પોતાની જવાબદારીમાંથી હાથ ઊંચા કરી લીધા છે.







લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ | સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ | જાહેરાત માટે : ૯૬૬૨૫ ૧૩૦૬૨
પળેપળના સમાચાર માટે www.lokpatrika.in

## રૂપાલ ગામમાં દુકાનામાંથી ૩.૮૬ લાખનો દારૂ ઝડપાયો

| પ્રતિનિધિ, બગોદરા, તા.૬ |

અમદાવાદ ગ્રામ્ય એલસીબીએ બાવળા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા રૂપાલ ગામમાંથી ૩.૮૬ લાખ રૂપિયાની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડયો છે.બાવળા તાલુકાના રૂપાલ ગામના જીવાપુરા વિસ્તારમાં દારૂનો જથ્થો છુપાવવામાં આવ્યો છે. તેવી બાતમીના આધારે અમદાવાદ ગ્રામ્ય એલસીબીએ ઈરફાન મહેબુબભાઈ વોરાની માલિકીની દુકાનમાં તપાસ હાથ ધરી હતી. સર્ચ દરમિયાન દુકાનમાંથી વિદેશી દારૂની ૧,૫૩૬ બોટલ (રૂ.૩,૮૬,૪૦૦) મળી આવી હતી. જોકે, દરોડા દરમિયાન આરોપી સ્થળ પર હાજર મળી નહીં આવતા પોલીસે મુદ્દામાલ જપ્ત કરી ગુનો નોંધી આરોપીને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.

## વડોદરા : ડ્રાઇવિંગ લાયસન્સ કઢાવી આપવાના બહાને ૨૮ હજાર પડાવી લીધા

| પ્રતિનિધિ, વડોદરા, તા.૬ |

ડ્રાઈવિંગ લાયસન્સ કઢાવી આપવાના બહાને કંપનીમાં નોકરી કરતા ચાર કર્મચારીઓ પાસેથી ૨૮ હજાર પડાવી લઈ ધમકી આપનાર સામે મકરપુરા પોલીસે ગુનો દાખલ કર્યો છે.મકરપુરા જશોદા કોલોનીમાં રહેતા પરેશભાઈ પૂનમભાઈ વસાવા મકરપુરા જી.આઈ.ડી.સી.ની કંપનીમાં નોકરી કરે છે. મકરપુરા પોલીસ સ્ટેશનમાં તેમણે ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, હું વધારે ભણેલો નહીં હોવાથી મેં ટુ વ્હિલરનું લાયસન્સ કઢાવ્યું નહતું. મારી સાથે વર્ષોથી નોકરી કરતા મુકેશભાઈ બારિયાએ મારી મુલાકાત વિશાલ પટેલ (રહે. મકરપુરા ગામ) સાથે કરાવી હતી. તેમણે કહ્યું હતું કે, જો તારે લાયસન્સ કઢાવવું હોય તો ૭ હજાર રૂપિયા થશે. તેઓના કહ્યા મુજબ, મેં ૭ હજાર તેઓને આપ્યા હતા. ઘણા દિવસો પછી મેં લાયસન્સ બાબતે તેઓને ફોન કરતા તેઓ રિસિવ કરતા નહોતા. ક્યારેક ફોન રિસિવ કરે તો હું રૂપિયાની પરત માગણી કરું ત્યારે તેઓ ધમકી આપતા હતા.

### ગુજરાત હાઈકોર્ટનો મહત્ત્વપૂર્ણ ચુકાદો

# છૂટાછેડા માટે ૬ મહિનાનો કૂલિંગ પિરિયડ ફરજિયાત નથી

**કલમ-૧૩બી હેઠળની નામંજૂર કરવાના ફેમીલી કોર્ટના હુકમને અયોગ્ય ગણાવી રદબાતલ ઠરાવ્યો**

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૬ |

લગ્ન જીવનની તકરારો અને વિખવાદોમાં જયારે પતિ-પત્ની બંને દ્વારા હિન્દુ મેરેજ એકટની કલમ-૧૩ બી હેઠળ સંમંતિપૂર્વકના છૂટાછેડા માટે અરજી કરવામાં આવતી હોય છે ત્યારે ફેમીલી કોર્ટ દ્વારા છ મહિનાનો કૂલિંગ ઓફ પિરિયડ આપવામાં આવતો હોય છે, એની પાછળનું કારણ એ હોય છે કે, આ છ મહિનાના સમય દરમિયાન જો પતિ-પત્ની વચ્ચે ફરી સુમેળ સધાય અથવા યુગલ ફરી એકસાથે રહેવા તૈયાર થઈ જાય તો તે માટેનો આ એક કાયદાકીય વિકલ્પ છે.જોકે, પતિ-પત્ની બંને વચ્ચે કોઈ સંજોગોમાં સુમેળ સધાય તેમ જ ના હોય અને બંનેએ મક્કમતાપૂર્વક છૂટા પડવાનું નક્કી કર્યું હોય તો તેવા સંજોગોમાં છ મહિનાનો આ કૂલિંગ ઓફ પિરિયડ જતો કરી શકાય છે. ગુજરાત હાઈકોર્ટે સંમંતિપૂર્વકના આવા જ એક છૂટાછેડાના કેસમાં બહુ મહત્ત્વનો ચુકાદો આપતા સ્પષ્ટપણે ઠરાવ્યું છે કે, સંમંતિપૂર્વકના છૂટાછેડા માટે છ મહિનાનો કૂલિંગ ઓફ પિરિયડ ફરજિયાત નથી.જસ્ટિસ સંગીતા કે. વિશેણ અને જસ્ટિસ નિશા એમ. ઠાકોરની ખંડપીઠે આ અગત્યનો ચુકાદો આપતા એક દંપત્તિના પરસ્પર સંમંતિથી છૂટાછેડા માટેની અરજી કલમ-૧૩બી હેઠળની નામંજૂર કરવાના ફેમીલી કોર્ટના હુકમને અયોગ્ય



ગણાવી રદબાતલ ઠરાવ્યો હતો અને ઠરાવ્યું હતું કે, સંમંતિપૂર્વકના છૂટાછેડાના કિસ્સામાં છ મહિનાનો કૂલિંગ ઓફ પિરિયડ વેવ(જતો) કરી શકાય છે અને તે ફરજિયાત નથી. ગુજરાત હાઈકોર્ટના આ ચુકાદાને પગલે જે કેસોમાં પતિ-પત્ની વચ્ચે સમાધાન શક્ય જ નથી અને તેઓ કોઈપણ સંજોગોમાં પરસ્પર સંમંતિથી છૂટાછેડા લેવા માંગે છે તેવા કિસ્સાઓમાં ગુજરાત હાઈકોર્ટનો આ ચુકાદો છ મહિનાનો સમયગાળો વેવ ઓફ(જતો કરવામાં) અને છૂટાછેડા લેવામાં ઘણો ઉપયોગી સાબિત થશે.હાઈકોર્ટે ઠરાવ્યું હતું કે, જયારે પતિ-પત્ની(પક્ષકારો) વચ્ચે પુનઃમિલનનો કોઈ અવકાશ નથી. વળી, તેઓ હિન્દુ મેરેજ એકટની કલમ-૧૩બી હેઠળ અરજી રજૂ કરવાની તારીખથી એક વર્ષ કરતાં વધુ સમયથી અલગ રહી રહ્યા છે. બંને પક્ષોએ છૂટાછેડા માટે પરસ્પર સંમંતિ આપી છે. તેથી કલમ-૧૩બી(૧)ની જોગવાઈ મુજબ, છ મહિનાનો સમયગાળો તેમ જ એક વર્ષનો સમયગાળો લગભગ પૂરો થઈ ગયો છે.

## વિરમગામ વિધાનસભા વિસ્તારમાં વધુ એક વિકાસ રૂપી પીંછું ઉમેરતા ધારાસભ્ય હાર્દિક પટેલ



| પ્રતિનિધિ, વિરમગામ, તા.૬ |

ટીવી, વિવાદ અને બેફામ શબ્દોથી દૂર રહીને માત્રને માત્ર વિરમગામ વિધાનસભાના વિકાસ કામોમાં વ્યસ્ત થઈ ગયો છું: ધારાસભ્ય હાર્દિક પટેલ આજે માંડલ તાલુકાના ડઢાણા ગામથી ૧.૭૮ કરોડના વિકાસ કામોનું ધારાસભ્ય હાર્દિક પટેલના હસ્તે ભૂમિ પૂજન કરવામાં આવ્યું. જેમાં ૧.૨૮ કરોડના ખર્ચે ડઢાણા-વિંછણ રોડ અને શીણજ ગામના પરા આનંદપુરા ગામે ૫૦ લાખના ખર્ચે એપ્રોચ રોડનું કામ થશે. ધારાસભ્યશ્રી હાર્દિક પટેલે કહ્યું કે હજુ ગણતરીના દિવસો પહેલા જ રાજ્યના લોકપ્રિય મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે માંડલથી ૫૦૦ કરોડના કામોનું ભૂમિ પૂજન કર્યું છે અને આવનાર ૨ મહિનાના ગાળામાં ડઢાણા આસપાસના ગામોમાં ૧૫ કરોડના ખર્ચે કાનપુરા-શીણજ રોડ, ઝાંઝરવા-ચાંદળકી રોડ, કાનપુરા-ડેડાણા રોડ, ડઢાણા-ઝાંઝરવા રોડ, જાલીસણા-વિંછણ રોડ અને હરિપુરા એપ્રોચ રોડના કામનું ભૂમિ પૂજન થશે. આજના પ્રસંગે માંડલ તાલુકા ભાજપના આગેવાનો, ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### આગામી ૧૨ જાન્યુઆરીથી ૧૪ જાન્યુઆરી દરમિયાન આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું ભવ્ય આયોજન

# અમદાવાદ જિલ્લાના મહેમાન બનશે જર્મનીના ચાન્સલર, કાઈટ ફેસ્ટિવલમાં સામેલ થાય તેવી શક્યતા | તડામાર તૈયારીઓ શરૂ

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૬ |

અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ પર આગામી ૧૨ જાન્યુઆરીથી ૧૪ જાન્યુઆરી દરમિયાન આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે આ મહોત્સવ વિશેષ બની રહેશે, કારણ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે આ ઉત્સવ ખુલ્લો મૂકવામાં આવે તેવી પ્રબળ શક્યતા છે.

વડાપ્રધાનની સાથે જર્મનીના ચાન્સલર પણ આ કાર્યક્રમમાં હાજરી આપી શકે તેમ હોવાથી પોલીસ તંત્ર દ્વારા સુરક્ષાનું માઈક્રોલેવલ પ્લાનિંગ કરવામાં આવ્યું છે. પીએમ મોદીના ૧૧ જાન્યુઆરીથી શરૂ થતા ત્રણ દિવસના ગુજરાત પ્રવાસ દરમિયાન તેઓ સોમનાથ મહાદેવના દર્શને જાય તેવી પણ સંભાવના છે.નરેન્દ્ર મોદીએ



મુખ્યમંત્રી તરીકે શરૂ કરેલી આ પરંપરા આજે વૈશ્વિક સ્તરે ખ્યાતિ પામી છે. આ વર્ષે પતંગ મહોત્સવમાં દેશ-વિદેશ પતંગબાજો અમદાવાદના મહેમાન બનશે, જેમાં વિશ્વના ૩૦ જેટલા દેશોના ૧૫૦થી વધુ પતંગબાજો ભાગ લેશે. કાઈટ ફેસ્ટિવલમાં વિશાળકાય અને અવનવી મહાકાય પતંગો આકાશમાં આકર્ષણ જમાવશે. રાત્રિ દરમિયાન વિશેષ સાંસ્કૃતિક ડાન્સ પર્ફોમન્સનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત મુલાકાતીઓ માટે ખાણી-પીણીના સ્ટોલ્સ અને શોપિંગ એરિયા ઉભો કરાયો છે.

આ આંતરરાષ્ટ્રીય મહોત્સવને કારણે અમદાવાદના પ્રવાસન ઉદ્યોગમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે. શહેરની મોટાભાગની હોટલો અત્યારથી જ હાઉસફુલ થઈ ગઈ છે. તંત્ર દ્વારા વિદેશી મહેમાનો માટે રોકાણ અને ટ્રાન્સપોર્ટની ખાસ વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે.

માત્ર અમદાવાદ જ નહીં, પરંતુ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે પણ ભવ્ય પતંગ મહોત્સવ યોજાનાર છે. મકરસંક્રાંતિના આ પર્વને યાદગાર બનાવવા વહીવટી તંત્ર હાલમાં દિવસ-રાત જોયા વગર આખરી ઓપ આપી રહ્યું છે.અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ પર આગામી ૧૨ જાન્યુઆરીથી ૧૪ જાન્યુઆરી દરમિયાન આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે આ મહોત્સવ વિશેષ બની રહેશે, કારણ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે આ ઉત્સવ ખુલ્લો મૂકવામાં આવે તેવી પ્રબળ શક્યતા છે.

## કોલસાનું ખનન કરનાર ૧૧ ભૂમાફિયા સામે લેન્ડ ગ્રેબિંગ હેઠળ કાર્યવાહી કરાશે

| પ્રતિનિધિ, સુરેન્દ્રનગર, તા.૬ |

મુળીના ખંપાળીયા ગામની સરકારી જમીનમાં ગેરકાયદેસર કોલસાનું ખનન કરનાર ૧૧ ભૂમાફિયાઓ સામે લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ કાર્યવાહી કરાઈ હાથ ધરાઇ છે. સ્થળ પરથી ચોટીલા ડેપ્યુટી કલેક્ટર અને મુળી મામલતદાર, મુળી પીજીવીસીએલની સંયુક્ત ટીમો દ્વારા ૦૭ વીજ ટ્રાન્સફોર્મર ઉતારી કબજે કરવામાં આવ્યા છે.મુળી તાલુકાના ખંપાળીયા ગામની સરકારી સર્વે નંબર ૫૦ તથા ૧૬૧ વાળી જમીનમાં અંદાજે ૦૬ મહિના પહેલા ચોટીલા ડેપ્યુટી કલેકટર અને તેમની ટીમે દરોડો પાડયો હતો. તે સમયે તપાસ દરમિયાન (૧) ખોડાભાઈ લીંબાભાઈ રબારી (૨) આલાભાઈ લીંબાભાઈ રબારી (૩) પ્રભુભાઈ ઘુસાભાઈ કોળી (૪) જેમાભાઈ હરજીભાઈ બાવળીયા (૫) પેમાભાઈ હરજીભાઈ બાવળીયા (૬) ખીમાભાઈ મેરુભાઈ રબારી (૭) મેરુભાઈ રામાભાઈ રબારી (૮) ગોવિંદભાઈ લાખાભાઈ રબારી (૯) રાજાભાઈ લાખાભાઈ રબારી (૧૦) મંગાભાઈ કાનાભાઈ બાવળીયા (૧૧) ભીમાભાઈ ભરવાડ સહિતનાઓ દ્વારા ગેરકાયદેસર કોલસાનું ખનન કરી સરકારી મિલકતને મોટાપાયે નુકશાન પહોચાડયું હોવાનું સામે આવ્યું હતું.

## પીપલગ રોડ પરની દુકાનમાંથી ૩૦૦ થી ૩૫૦ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક કબજે

| પ્રતિનિધિ, નડિયાદ, તા.૬ |

નડિયાદ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકનો વપરાશ અને વેચાણ રોકવા માટે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. શહેરના પીપલગ એપીએમસીની બહાર આવેલી એક દુકાનમાં મોટા પાયે પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો હોવાની બાતમીના આધારે પાલિકાની સેનિટરી ટીમે દરોડા પાડી અંદાજે ૩૦૦થી ૩૫૦ કિલો પ્લાસ્ટિકનો જથ્થો ઝડપી પાડયો છે.નડિયાદ મહાનગરપાલિકાની સેનેટરી વિભાગની ટીમે પીપલગ એપીએમસીની બહાર આવેલી કાકા પાન કોર્નર નામની દુકાન, જે સતીષભાઈ જાદવ દ્વારા ભાડે રાખીને ચલાવવામાં આવતી હતી, ત્યાં રેડ કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન દુકાનમાંથી પ્રતિબંધિત પ્લાસ્ટિકના કુલ ૧૮ જેટલા કટ્ટા મળી આવ્યા હતા. જેમાં ૨૫ કિલો, ૩૦ કિલો, ૨૨ કિલો અને ૨૮ કિલો મુજબના અલગ-અલગ વજનના પેકેટ હતા. કુલ મળીને અંદાજે ૩૦૦થી ૩૫૦ કિલો જેટલો ગેરકાયદે પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કરી દુકાનને તાત્કાલિક અસરથી સીલ કરવામાં આવી છે. તંત્રની તપાસમાં સામે આવ્યું છે કે, આ પ્રતિબંધિત માલ ગંજ બજારમાં આવેલી રોયલ એન્ટરપ્રાઈઝ નામની પેઢી પાસેથી લાવવામાં આવતો હતો. આ ઉપરાંત કેટલોક જથ્થો બરોડાથી પણ મંગાવવામાં આવતો હોવાનું ખુલ્યું છે.



ગુજરાતમાં સરકારી સંસ્થાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીઓનો સિલસિલો

# ગુજરાત હાઈકોર્ટ સહિત પાંચ જિલ્લાની કોર્ટને બોમ્બથી ઉડાવવાની ધમકી । બોમ્બ ડિસ્પોસલ સ્ક્વોડ ઘટના સ્થળે

**સુરત ડિસ્ટ્રિક્ટ કોર્ટ, લાલ દરવાજા સ્થિત અમદાવાદ સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ તેમજ ભરૂચ કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાનો ધમકીભર્યો ઈ-મેઈલ મળતા ભારે ખળભળાટ**

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૬ ।

ગુજરાતમાં સરકારી સંસ્થાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીઓનો સિલસિલો અટકવાનું નામ નથી લઈ રહ્યો. હવે ગુજરાત હાઈકોર્ટ સહિત સુરત ડિસ્ટ્રિક્ટ કોર્ટ, લાલ દરવાજા સ્થિત અમદાવાદ સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ તેમજ ભરૂચ, આણંદ અને રાજકોટની કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાનો ધમકીભર્યો ઈ-મેઈલ મળતા ભારે ખળભળાટ મચી ગયો છે. એક અજાણ્યા શખસે સોમવારે મોડી રાત્રે સુરત અને અમદાવાદ સહિતની કોર્ટના ઓફિશિયલ આઈડી પર મેઈલ કરીને આખા બિલ્ડિંગને RDXથી ઉડાવી દેવાની ધમકી આપી હતી. આ ધમકીને ગંભીરતાથી લઈને તમામ કોર્ટમાં ન્યાયિક કામગીરી અટકાવીને ડોગ અને બોમ્બ ડિસ્પોઝલ ટીમની મદદથી ઝીણવટભરી તપાસ કરાઈ રહી છે.

આ ધમકીની ગંભીરતાને ધ્યાને રાખીને ગુજરાત હાઈકોર્ટ તેમજ અન્ય તમામ જિલ્લાની કોર્ટમાં પ્રવેશબંધી કરી દેવાઈ છે. એટલું જ નહીં, આ સિવાય ન્યાયિક કામગીરી પણ તાત્કાલિક ધોરણે બંધ કરી દેવાઈ છે. વહીવટી તંત્રએ વકીલો, સ્ટાફ અને અસીલોને સલામત રીતે પરિસરની બહાર મોકલી દીધા છે. આ ઘટનાની જાણ થતા જ પોલીસ સહિત ઉચ્ચ અધિકારીઓનો કાફલો પણ ઘટના સ્થળે દોડી આવ્યો હતો. હાલ બોમ્બ ડિસ્પોઝલ અને ડોગ સ્ક્વોડ દ્વારા પાર્કિંગ, કેન્ટીન અને કોર્ટ બિલ્ડિંગના દરેક માળ પર ઝીણવટભરી તપાસ હાથ ધરાઈ છે. જો કે, પ્રાથમિક તપાસમાં હજુ સુધી કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી નથી.



અમદાવાદ ક્રાઈમ બ્રાંચના ડીસીપી અજિત રાજિયનના જણાવ્યા મુજબ, ગઈકાલથી કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી રહી છે. અત્યારે અમારી ટીમ આ અંગે તપાસ કરી રહી છે. પ્રાથમિક તપાસમાં આ પ્રકારની ધમકીના ઈ-મેઈલ ભારત બહારથી કરવામાં આવી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે. આ પ્રકારના મેઈલ કરીને પેનિક સર્જવાનો પ્રયાસ કરાતો હોવાનું લાગી રહ્યું છે. આ દિશામાં અમારી ટીમ દ્વારા તપાસ ચાલુ છે.

મળતી વિગતો અનુસાર, અમદાવાદ અને સુરતની કોર્ટના સત્તાવાર મેઈલ આઈડી પર સોમવારે રાત્રે આશરે ૨:૦૦ વાગ્યે અંગ્રેજીમાં એક ઈ-મેઈલ આવ્યો હતો. આ મેઈલમાં કોર્ટ બિલ્ડિંગને વિસ્ફોટકો (આરડીએક્સ) દ્વારા ઉડાવી દેવાની ગંભીર ચેતવણી આપવામાં આવી હતી.

વહેલી સવારે જ્યારે કોર્ટના કર્મચારીઓએ ફરજ પર આવીને મેઈલ ચેક કર્યો, ત્યારે આ બાબત સામે આવી હતી.આ મેઈલની ગંભીરતાને જોતા કર્મચારીઓએ તુરંત જ પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ જજને જાણ કરી હતી. જજ સાહેબે તાત્કાલિક અસરથી પોલીસ તંત્રને સતર્ક કરવા આદેશ આપ્યા હતા. જ્યાં સુધી પ્રિન્સિપલ જજ દ્વારા નવો આદેશ ન આપવામાં આવે ત્યાં સુધી કોર્ટનું તમામ કામકાજ બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે.આ ધમકી મળતાની સાથે જ સુરત પોલીસની વિવિધ પાંખો હરકતમાં આવી ગઈ છે.

સમગ્ર દેશમાં વૈજ્ઞાનિક અભ્યાસ અને નવીન વિચારધારાને પ્રોત્સાહન આપતી

# નેશનલ સ્ટેમ ૪.૦ ક્વિઝનો ૭મીએ પ્રાથમિક રાઉન્ડ ગુજરાત રાજ્ય સરકાર દ્વારા યોજાશે

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૬ ।

ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા આયોજિત પ્રતિષ્ઠિત 'નેશનલ સ્ટેમ ક્વીઝ ૪.૦'ના પ્રિલિમનરી રાઉન્ડનું આયોજન આગામી ૭ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ કરવામાં આવ્યું છે. આ ઓનલાઈન ક્વિઝમાં સમગ્ર ભારતના વિવિધ રાજ્યો અને બોર્ડના ધોરણ ૯થી ૧૨ના ૧૫,૦૧,૨૪૯ જેટલા વિદ્યાર્થીઓએ નોંધણી કરાવીને એક નવો વિક્રમ સ્થાપ્યો છે.આ ઓનલાઈન ક્વિઝ ૭ જાન્યુઆરીના રોજ સવારે ૧૧:૦૦થી બપોરે ૧૨:૩૦ દરમિયાન યોજાશે. જામનગર જિલ્લામાં શ્રી એમ .ડી .મેહતા જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર દ્વારા આ કાર્યક્રમનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ પણ આ સ્પ ર્ધામાં ઉત્સાહભેર ભાગ લઈ શકે તે માટે જિલ્લાના ૭ તાલુકા મથકોએ ૭૦ સેન્ટરો પર વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં જામનગર ,જામનગર ગ્રામ્ય, જોડિયા,જામજોધપુર , લાલપુર ,ધ્રોલ, કાલાવડ સહિતના તમામ તાલુકાઓની શાળાઓના વિદ્યાર્થીઓ જોડાશે.આ નેશનલ સ્ટેમ ક્વીઝનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ અને જિજ્ઞાસા કેળવવાનો છે. આ સ્પર્ધાના વિજેતાઓ માટે કુલ ૨ કરોડ રૂપિયા સુધીના ઈનામો જાહેર કરવામાં આવ્યા છે.

## જામનગરમાંથી ઇંગ્લિશ દારૂની હેરાફેરી કરી રહેલા બે શખ્સો પકડાયા

। પ્રતિનિધિ, જામનગર, તા ૬ ।

જામનગર શહેરમાં પંચેશ્વર ટાવર વિસ્તારમાંથી ઈંગ્લિશ દારૂની હેરાફેરી કરી રહેલો એક બાઈક ચાલક ઝડપાયો છે, જ્યારે એક શખ્સની સુપર માર્કેટ પાસેથી ઈંગ્લિશ દારૂ સાથે પોલીસે અટકાયત કરી છે.જામનગરમાં વાણંદ શેરીમાં રહેતો હિતેશ દોલતભાઈ મારુ નામનો વાણંદ શખ્સ પોતાના બાઈકમાં ઈંગ્લિશ દારૂ સાથે પંચેશ્વર ટાવર વિસ્તારમાંથી પસાર થયો હોવાથી પોલીસે તેને અટકાવીને તલાસી લેતાં તેના કબજા માંથી ચાર નંગ ઈંગ્લિશ દારૂની બાટલી મળી આવી હતી. પોલીસે બાઈક અને દારૂ કબજે કરી લઈ આરોપી હિતેશ મારુ ની અટકાયત કરી લીધી છે.આ ઉપરાંત સુપર માર્કેટ વિસ્તારમાંથી ૧૫ નંગ ઈંગ્લિશ દારૂની બાટલી સાથે નીકળેલા સુરેશ ગિરધારીલાલ શર્મા નામના શખ્સને સીટી એ. ડિવિઝનના પોલીસ સ્ટાફે ઝડપી લીધો છે, અને તેની સામે દારૂબંધી ભંગ બદલ ગુનો નોંધવામાં આવ્યો છે.જામનગર શહેરમાં પંચેશ્વર ટાવર વિસ્તારમાંથી ઈંગ્લિશ દારૂની હેરાફેરી કરી રહેલો એક બાઈક ચાલક ઝડપાયો છે, જ્યારે એક શખ્સની સુપર માર્કેટ પાસેથી ઈંગ્લિશ દારૂ સાથે પોલીસે અટકાયત કરી છે.

## પાવાગઢથી પરત ફરતા વડોદરાના બે શિક્ષકો નર્મદા કેનાલમાં ડૂબ્યા, એકને બચાવવા જતાં બંને તણાયા

। પ્રતિનિધિ, વડોદરા, તા.૬ ।

ક્યારે કેવી આફત આવી પડે કોને ખબર! પાવાગઢ દર્શને આવેલા વડોદરાના ખાનગી શાળા બે શિક્ષકો ડૂબ્યાં છે. ગઈકાલ (૪ જાન્યુઆરી)ના રોજ સાંજે બનેલી આ ઘટનામાં હજુ પણ બંને શિક્ષકોમાંથી એક પણનો પત્તો મળ્યો નથી, ફાયર વિભાગ અને સ્થાનિક પોલીસની ટીમો શિક્ષકોને છેલ્લા ૨૪ કલાકથી કેનાલમાં શોધી રહી છે. પણ પ્રચંડ વહેણને કારણે હજુ સુધી કોઈ ભાળ મળી નથી. વડોદરાની એક ખાનગી શાળામાં અભ્યાસ કરાવતા અને વડોદરા ખાતે રહેતા (મૂળ પરપ્રાંતિય) ચાર શિક્ષક મિત્રો શુભમ મિથિલેશકુમાર પાઠક, રાહુલ વિરેન્દ્ર યાદવ, વિદ્યુત પ્રકાશ રવિન્દ્ર સિંગ અને અસીત જનમેજય ઓઝા પાવાગઢ દર્શન માટે ગયા હતા. બપોરે દર્શન કર્યા બાદ તેઓ સાંજે ૭:૩૦ કલાકની આસપાસ હાલોલ વડોદરા હાઈવે પર ખંડીવાળા ખાતે આવેલી નર્મદાની મુખ્ય કેનાલ ખાતે પાળ પર આવીને બેઠા હતા. જ્યાં રાહુલ યાદવ નામના શિક્ષક નર્મદાના કેનાલમાં પોતાનો પગ ધોવા માટે ગયા હતા. તે દરમિયાન અચાનક જ તેઓનો પગ લપસી જતા તે પાણીમાં ડૂબવા લાગ્યા હતા. મિત્ર શિક્ષકને ડૂબતો જોઈ ક્ષણ ભરનો વિચાર કર્યા વગર શુભમ પાઠક કેનાલમાં કૂદી ગયા હતા. તેમણે તરતા પણ આવડતું હતું, પણ કુદરતને બીજું જ મંજૂર હતું. નર્મદાના ધસમસતા વહેતા ઊંડા પાણીમાં બંને ડૂબવા લાગ્યા હતા. અને પ્રવાહ સાથે આગળ તણાઈ રહ્યા હતા. સાથીદારોને ડૂબતાં જોઈ હાજર અન્ય બે શિક્ષકો ગભરાઈ જતાં ચીસાચીસ કરી મદદ માટે ગુહાર લગાવી હતી અને તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. બનાવની જાણ થતાં જ સ્થાનિક પોલીસ અને હાલોલ નગરપાલિકાની ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી, અને નર્મદાના ઊંડા પાણીમાં ડૂબેલા બંને શિક્ષક મિત્રોની શોધમાં જોતરાઈ હતી.






## તંત્રી લેખ..

# આરોગ્ય પર ધ્યાન વધુ

કોરોનાની મહામારીમાંથી વિશ્વના દેશો હજુ સંપૂર્ણપણે બહાર નિકળી શક્યા નથી. છેલ્લા ત્રણ વર્ષથી આ બિમારીએ હાહાકાર મચાવ્યો છે. દુનિયાના કોઈ દેશ આ બિમારીથી બચી શક્યા નથી. આ મહામારીના કારણે દુનિયાના દેશોના લોકો આરોગ્યને લઈને વધારે સાવધાન થઈ ગયા છે. જેના કારણે પોતાના શરીર પર વધારે ધ્યાન આપી રહ્યા છે. સારવાર પર વધારે ખર્ચ કરતા થયા છે. થોડાક સમય પહેલા વિશ્વ આરોગ્ય સંગઠન ડબલ્યુએચઓ દ્વારા નવો ચોંકાવનારો હેવાલ જારી કર્યો છે. જે દર્શાવે છે કે ભારતીય લોકો આવકના તેમના ૧૦ ટકા હિસ્સાને તો સારવાર પર ખર્ચ કરી નાંખે છે. હવે વિશ્વ આરોગ્ય સંસ્થાએ માહિતી આપતા કહ્યુ છે કે આવકના ૧૦ ટકા હિસ્સાને ભારતીયો સારવાર પર ખર્ચ કરે છે. હેવાલમાં કહેવામાં આવ્યુ છે કે અડધા ભારતીયની જરૂરી આરોગ્ય સેવા સુધી પહોંચ નથી. જ્યારે એવા લોકો જે આરોગ્ય સેવા પર લાભ ઉઠાવી શકે છે તેવા લોકો પૈકી લોકો તેમની સારવાર પર આવકના ૧૦ ટકા હિસ્સાને ખર્ચ કરે છે. વિશ્વ આરોગ્ય સંસ્થાની વેબસાઈટ પર પ્રકાશિત હેવાલમાં કેટલીક નવી વિગત પણ જાહેર કરવામાં આવેલી છે.હેવાલ મુજબ ભારતની વસ્તીના ૧૭.૩ ટકા અથવા તો ૨૩ કરોડ નાગરિકોને વર્ષ ૨૦૦૭-૨૦૧૫ દરમિયાન સારવાર પર પોતાની આવકના ૧૦ ટકા કરતા વધારે હિસ્સાને ખર્ચ કરવાની ફરજ પડી હતી. ભારતમાં સારવાર પર પોતાના ખિસ્સામાંથી ખર્ચ કરનાર પીડિત લોકોની સંખ્યા બ્રિટન, ફ્રાન્સ અને જર્મનીની કુલ વસ્તી કરતા પણ વધારે છે. ભારતની તુલનામાં સારવાર પર પોતાની આવકના ૧૦ ટકા હિસ્સાને ખર્ચ કરનાર લોકોની કુલ વસ્તીમાં તેમની ભૂમિકા ઓછી હોય છે. ભારતની તુલનામાં સારવાર પર પોતાની આવકનો ૧૦ ટકાથી વધારે હિસ્સો ખર્ચ કરનાર લોકોની કુલ વસ્તીમાં શ્રીલંકામાં ૨.૯ ટકા, બ્રિટનમાં ૧.૬ ટકા, અમેરિકામાં ૪.૮ ટકા, ચીનમાં ૧૭.૭ ટકા છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે દેશની વસ્તીના ૩.૯ ટકા હિસ્સો અટલે કે પાંચ કરોડ ભારતીય પોતાના સ્થાનિક બજેટમાં એક ચતુર્થાંશ કરતા વધારે ખર્ચ સારવાર પર કરે છે. જ્યારે શ્રીલંકામાં આવી વસ્તી ૦.૧ ટકા છે. બ્રિટનમાં આવી વસ્તી ૦.૫ ટકાની છે. અમેરિકામાં આવી વસ્તી ૦.૮ ટકાની છે. ચીનમાં ૪.૮ ટકાની છે. તાજેતરમાં કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવમાં આવ્યું છે કે હોસ્પિટલમાં થતા બેક્ટેરિયલ ઈન્ફેક્શનના કારણે ભારતમાં દર વર્ષે જન્મના પ્રથમ ચાર સપ્તાહમાં ૧૯૦૦૦૦ બાળકોના મોત થઈ જાય છે. અભ્યાસમાં ચોંકાવનારા તારણ સપાટી પર આવ્યા બાદ આરોગ્યને લઈને ભારતમાં નવજાત શિશુના મામલે ગંભીર ચિત્ર સપાટી પર આવ્યું છે. સેન્ટર ફોર ડીસીઝડાયનેમિક્સ ઈકોનોમિક્સ એન્ડ પોલિસી દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે આશરે ૧૦ લાખ ભારતીય નવજાત શિશુ દર વર્ષે લાઈફના પ્રથમ ચાર સપ્તાહમાં મૃત્યુ પામે છે. આ મોત પૈકી ૧૯૯૦૦૦ જેટલાં નવજાત શિશુના

# ફિટનેસ માટે કસરત, પુરતી ઉંઘ જરૂરી

આધુનિક ભાગદોડની લાઈફમાં ફિટનેસને લઈને કાળજી લેવાતી નથી. લોકો ફિટનેસને હાંસલ કરવા માટે શોર્ટ કટ અપનાવે છે. ફિટનેસ સાથે જોડાયેલા જાણકાર નિષ્ણાંતો કહે છે કે ફિટનેસ હાંસલ કરવા માટે નિયમિત કસરત કરવાની જરૂર હોય છે. સાથે સાથે પૌષ્ટિક ભોજનની પણ જરૂર હોય છે. ઉપરાંત પુરતા પ્રમાણમાં ઉંઘ પણ જરૂરી હોય છે. સ્પાઈન સાથે જોડાયેલી કસરત કરવાથી શરીરની તાકાતમાં વધારો થાય છે. આધુનિક સમયમાં યુવક યુવતિઓ ફિટનેસ હાંસલ કરવા માટે જીમિંગ અને સ્પેશિયલ ડાઈટને પ્રાથમિકતા આપે છે. પરંતુ યોગ્ય રીતે ડાઈટ ન લેવાના કારણે શાનદાર રિઝલ્ટ મળી શકતા નથી. પાંચમી મેના દિવસે હાલમાં જ વર્લ્ડ એથલીટિક્સ ડેની ઉજવણી કરવામાં આવી હતી. એથલીટ જેવી બોડી મેળવી લેવા માટે તમામ ઈચ્છા રાખે છે પરંતુ શારરિક ગતવિધી આડેધડ કરે છે. શારરિક ગતિવિધી કરતા પહેલા કેટલાક પાસા પર ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. કેટલીક સાવચેતી રાખવાની જરૂર છે. ફિટનેસને લઈને યુવાનો સવારમાં અને સાંજે ખુબ પરસેવો કાઢે છે. વ્યસ્ત જીવન શેલીની વચ્ચે યુવાઓ ૩૦ મિનિટની લઈને દોઢ કલાક સુધી સમય કાઢે છે. પોતાને ફિટ રાખવા માટેનો ક્રેઝ હાલમાં વધી રહ્યો છે. આમાં ૨૦થી ૪૫ વર્ષની વયના લોકોમાં ક્રેઝ સૌથી વધારે જોવા મળે છે. ઉપરાંત સ્થુળતાના કારણે પરેશાન થયેલા યુવાનો પણ ફિટનેસ હાંસલ કરવા માટે તમામ પ્રયાસો કરી રહ્યા છે. વજનને ઘટાડી દેવા માટે કસરત કરી રહ્યા છે. આધુનિક સમયમાં મહિલાઓની સંખ્યા પણ જીમમાં વધી રહી છે. જુમ્બા અને એરોબિ કસરત કરતી મહિલાઓ પણ મોટા પ્રમાણમાં જોવા મળે છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે ફિટનેસ માટે પ્રોટીન ખુબ જરૂરી છે. તે વજન ઘટાડી દેવામાં પણ મદદ કરે છે. તેના કારણે ફેટ સેલ્સ સરળતાથી બર્ન થાય છે. જે પ્રોટીન મારફતે ૨૫-૩૦ ટકા કેલોરી મેળવે છે તેમનુ વજન ઝડપથી ઓછુ થાય છે. સોયા પ્રોટીન, ઈન્ડા સૌથી ઉપયોગી છે. સોયા અને ઈન્ડા પ્રોટીનના સારા સોર્સ તરીકે છે. સોયા પ્રોટીનની વાત કરવામાં આવે તો તમામ નૌ એમિનો એસિડ હોય છે. પ્રોટીન ત્રણ પ્રકારના હોય છે. ફિટનેસને લઈને કેટલાક અભ્યાસકરવામાં આવી રહ્યા છે. એથલીટ જેવી શારરિક ફિટનેસને હાંસલ કરવા માટે કેટલાક પ્રયોગ કરવાની જરૂર હોય છે. મજબુત અને તાકતવર શરીર માટે ભોજનની સાથે સાથે નિયમિત કસરત જરૂરી છે. સામાન્ય એથલીટને ૫૦૦૦-૬૦૦૦ કેલોરીની જરૂર હોય છે.



**શ્રદ્ધાળુઓ માટે કેટલાક ટુર પેકેજ જાહેર કરાયા છે....**

**ભગવાન વેંકટેશ્વરના દર્શન કરવા માટે ઇચ્છુક શ્રદ્ધાળુઓ જુદા જુદા વિકલ્પોનો ઉપયોગ કરીને અહીં પહોંચી શકે છે વિમાનીયાત્રા, ટ્રેન અને બસ મારફતે પણ અહીં પહોંચી શકાય છે**

# તિરુપતિમાં બાલાજીના દર્શન કરો

**ભારતની સાથે સમગ્ર દુનિયાના શ્રદ્ધાળુઓ ભગવાન વેંકટેશ્વરના દર્શન કરવા માટે પહોંચે છે : જુદી જુદી રીતે તિરુપતિ પહોંચી શકાય છે**

ભારતની સાથે સાથે સમગ્ર દુનિયામાંથી શ્રદ્ધાળુઓ ભગવાન વેંકટેશ્વરના દર્શન કરવા માટે આંધ્રપ્રદેશના તિરુપતિ પહોંચે છે. આ ધાર્મિક સ્થળ સમગ્ર વિશ્વમાં સૌથી વધારે શ્રદ્ધાળુઓને પોતાની તરફ ખેંચનાર ધાર્મિક સ્થળો પૈકી એક તરીકે છે. ભગવાન વેંકટેશ્વરના દર્શન કરવા માટે ઈચ્છુક શ્રદ્ધાળુઓ જુદા જુદા વિકલ્પોનો ઉપયોગ કરીને અહીં પહોંચી શકે છે. વિમાનીયાત્રા, ટ્રેન અને બસ મારફતે પણ અહીં પહોંચી શકાય છે. તમે પણ ભગવાન વેંકટેશ્વરના દર્શન કરવા માટે ઈચ્છુક છો તો ઈન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટ્યુરિઝમ કોર્પોરેસન લિમિટેડ હવે આપના માટે ખાસ ટુર પેકેજ લઈને તૈયાર છે. આ ટુર પેકેજના ભાગરૂપે આપને તિરુપતિમાં ભગવાન વેંકટેશ્વરના દર્શન કરવા ઉપરાંત તિરુચાનુરુ માં દેવી પદ્માવતિ અને કાલહસ્તી મંદિરમાં દર્શન કરવાની તક મળી શકે છે. આઈઆરસીટીસીના આ પેકેજનુ નામ તિરુપતિ દેવસ્થાનમ રાખવામાં આવ્યુ છે. આઈઆરસીટીસીની સત્તાવાર વેબસાઈટ પર હવે તમામ માહિતી ઉપલબ્ધ કરાવી દેવામાં આવી છે. આ ટુર પેકેજની શરૂઆત ૨૨મી ફેબ્રુઆરીના દિવસથી દિલ્હીથી થનાર છે. જાણકાર લોકો દ્વારા કહેવામાં



આવ્યુ છે કે એક રાત્રી અને બે દિવસના આ ટુર પેકેજમાં યાત્રીઓના દિલ્હીથી તિરુપતિ અને તિરુપતિથી દિલ્હી વાયા ચેન્નાઈ આવવા જવાની ફ્લાઈટ ટિકિટ, એક બ્રેકફાસ્ટ, એક ડિનર, એસી ગાડીથી સાઈટ સિઈંગ તેમજ રાત્રે રોકાવવા માટે ડિલેક્સ હોટેલની વ્યવસ્થા કરવામાં આવી છે. આ સિવાય અન્ય કોઈ પણ પણ પ્રકારની સુવિધા હાંસલ કરવા માટે યાત્રીને પોતાની રીતે સુવિધા માટે પૈસા ચુકવવા પડશે. ફ્લાઈટ ટિકિટની કિંમતોમાં વધારો તેમજ લંચ આ પેકેજમાં સામેલ નથી. વાત કરવામાં આવે તો પેકેજ ટેરિફ આકર્ષક છે.

આઈઆરસીટીસીના આ પેકેજની કિંમત જુદી જુદી રાખવામાં આવી છે. એક વ્યક્તિ માટે બુકિંગ કરવા પર આપને ૧૮૭૧૦ રૂપિયા ખર્ચ કરવાના રહેશે. જ્યારે ડબલ એટલે કે બે વ્યક્તિ માટે ૧૬૮૦૦ અને ત્રણ વ્યક્તિ માટે પ્રતિ વ્યક્તિ ૧૬૬૭૦ રૂપિયા ખર્ચ કરવાના રહેશે. જો તમારી સાથે બાળકો છે તો પાંચથી ૧૧ વર્ષના બાળકો માટે બેડ ન લેવા પર આપને ૧૫૭૩૫ રૂપિયાની ચુકવણી કરવાની રહેશે. આવી જ રીતે બેથી ચાર વર્ષના બાળકો માટે ૧૨૦૨૦ રૂપિયા ચુકવવાના રહેશે. ઐતિહાસિક વેંકટેશ્વર મંદિર ભારતના એક ઐતિહાસિક મંદિર સમાન છે. આ મંદિરને અન્ય કેટલાક નામથી ઓળખવામાં આવે છે જેમાં તિરુમાલા મંદિર, તિરુપતિ મંદિર, તિરુપતિ બાલાજીનો સમાવેશ થાય છે. વેંકટેશ્વર અન્ય અનેક નામોથી ઓળખાય છે જેમાં બાલાજી, ગોવિન્દા અને શ્રીનિવાસાનો સમાવેશ થાય છે. આ મંદિરનુ નિર્માણ દ્રવિડિયન આર્કિટેક્ચરરીતે કરવામાં આવ્યુ છે. આ મંદિરનુ નિર્માણ કામ ક્યારેય શરૂ થયુ તેને લઈને પાકી માહિતી નથી પરંતુ એમ કહેવામાં આવે છે કે ૩૦૦ એડીથી તેનુ નિર્માણ કામ શરૂ કરવામાં આવ્યુ હતુ. સંપત્તિ અને દાનમાં મળતી રકમની દ્રષ્ટિએ તે વિશ્વમાં સૌથી અમીર મંદિર પૈકી એક તરીકે છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે આ મંદિરમાં દરરોજ ૫૦૦૦૦ થી ૧૦૦૦૦૦ લોકો સુધી પહોંચે છે. જ્યારે કેટલાક ખાસ અવસર પર તો આ સંખ્યા પાંચ લાખ સુધી પહોંચી જાય છે. વર્ષ ૨૦૧૬માં એક રિપોર્ટમાં કહેવામાં આવ્યુ હતુ કે ૨૭.૩ મિલિયન શ્રદ્ધાળુઓ અહીં પહોંચ્યા હતા.

મંદિર વિજયવાડાથી ૪૩૫ કિલોમીટર, હેદરાબાથી ૫૭૧ કિલોમીટર, ચેન્નાઈથી ૧૩૮ કિલોમીટર અને બેંગલોરથી ૨૯૧ કિલોમીટરના અંતરે સ્થિત છે . શ્રદ્ધાળુઓનો ધસારો હમેંશા જોરદાર રીતે રહે છે. લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ જુદી જુદી ભેટ સોગાદો આપે છે.



**આજે તમામ ભાર માનવ-શ્રમને મશીન પર લાવવા પર કેન્દ્રિત**

**આ શોધ છે મશીન મોટા ભાગે માનવી કામ કરી શકે આજે ઝડપથી એક વિષય પર શોધ ચાલી રહી છે જે નજીકના ભવિષ્યમાં અમારા જીવનને વ્યાપક ઢગથી પ્રભાવિત કરનાર છે**

# આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના યુગમાં

**જ્યારે તમામ પ્રકારના કામ મશીનો જ કરવા લાગી જશે ત્યારે સામાન્ય વ્યક્તિને બિનજરૂરી રીતે હાથમાં કામ કોણ આપશે ? મોટો પ્રશ્ન**

આધુનિક સમયમાં તમામ ધ્યાન માનવ-શ્રમને મશીન પર લાવી દેવા માટે આપવામાં આવી રહ્યુ છે. જેથી પ્રશ્ન હવે એ ઉપસ્થિત થાય છે કે જ્યારે તમામ પ્રકારના કામ મશીન દ્વારા જ થવા લાગી જશે તો બિનજરૂરી રીતે સામાન્ય વ્યક્તિના હાથમાં કામ કોણ આપશે. બેરોજગારીની સમસ્યા વધારે ગંભીર બની જશે તે બાબત પર પણ નિષ્ણાંતો સહમત થઈ રહ્યા છે. દુનિયાના અનેક દેશોમાં કેટલાક મહત્વપૂર્ણ કામો આજે રોબોટ કરવા લાગી ગયા છે. આવી સ્થિતીમાં પ્રશ્ન એ થાય છે કે માનવી પાસે કામ શુ રહેશે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ યુગમાં દુનિયાના દેશો ઝડપથી આગળ વધી રહ્યા છે. આજના સમયમાં એક વિષય પર શોધ ખુબ રેકોર્ડ ગતિથી ચાલી રહી છે. આ શોધ છે મશીન મોટા ભાગે માનવી કામ કરી શકે. આજે ઝડપથી એક વિષય પર શોધ ચાલી રહી છે. જે નજીકના ભવિષ્યમાં અમારા જીવનને વ્યાપક ઢગથી પ્રભાવિત કરનાર છે. આ શોધ છે આર્ટિફિશિયલ બુદ્ધિમાની અથવા તો આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ. એક માનવી મશીનથી કઈ રીતે અલગ રહી શકે છે. એક વ્યક્તિ ભોજનના સ્વાદને બતાવી શકે છે. ચીજોને સુંધી શકે છે. કોઈ વિષય પર ચર્ચા વિચારણા કરી શકે છે. તે ભાષણ આપી શકે છે અને ભાષણ સાંભળી શકે છે. અનુભવ કરી શકે છે. આજે આ નવા ક્ષેત્ર છે જેને ધીમે ધીમે મશીનોને સોંપવા માટેની કામગીરી ચાલી રહી છે.



ભારતમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ માટે બજારનુ કદ ૮૯.૮ અબજ ડોલરની આસપાસ પહોંચી ગયુ છે. ૯૦ના દશકને જો યાદ કરવામાં આવે તો જાણી શકાય છે કે એ વખતે આર્થિક ઉદારીકરણની નીતિને ખાસ મહત્વ આપવામાં આવ્યુ હતુ.

એ વખતે ભારત સહિત અનેક મિશ્રિત અર્થવ્યવસ્થાઓ દ્વારા ઉદારવાદી આર્થિક મોડલને અપનાવવાની શરૂઆત કરી હતી. આ એ સમય હતો જ્યારે જ્યારે અર્થવ્યવસ્થાના દરવાજા વિદેશી રોકાણ માટે ખોલવામાં આવી રહ્યા હતા. લગભગ આ જ દોરમાં ડિજિટલ દુનિયાના ઉદયની શરૂઆત થઈ હતી. મોબાઈલ ફોન, ઈન્ટરનેટ, જેવી ચીજો વિકસિત દેશોમાં લોકપ્રિય બની રહી હતી. વર્ષ ૨૦૦૬ના અંત સુધી એક્સોન મોબિલ, જનરલ ઈલેક્ટ્રિક, બેંક ઓફ અમેરિકા, બીપી, પેટ્રોચાઈના, એચએસબીસી જેવી મહાકાય કંપનીઓ આર્થિક પિરામિડના ટોપ પર હતી. જો કે વર્ષ ૨૦૨૧સુધી એપલ, એમેઝોન, માઈક્રોસોફટ, આલ્ફાબેટ, ફેસુક, જેવી ડિજિટલ કંપનીઓનો કુલ લાભ પારંપરિક કંપનીઓ કરતા અનેક ગણો વધારે છે. આ લાભ હજુ પણ જારી છે. જ્યારે પરંપરાગત કંપનીઓ સંઘર્ષ કરી રહી છે. છેલ્લા બે દશકના ગાળામા જ નવી ડિજિટલ કંપનીઓએ જુની તેલ, ઓટોમોબાઈલ, તેમજ નાણાંકીય ક્ષેત્રની તમામ મોટી કંપનીઓને પછડાટ આપીને આગળ નિકળી ચુકી છે. આ ફેરફારના સંબંધમાં ખાસ બાબત જે ધ્યાન ખેંચનાર છે તે આ પરિવર્તનની ગતિ છે. અમેરિકી કંપનીઓના નામ તો દરેકના દિલોદિમાગ પર છે. પરંતુ ચીની કંપનીઓ તમામનુ ધ્યાન ખેંચી રહી છે. અલીબાબા, ટેનસેન્ટ્સ, હુઆવે જેવી કંપનીઓ પણ ખુબ પાછળ નથી. ડિજિટલ કંપનીઓના વિસ્તારની પાછળ બે ટેકનોલોજી એન્જિન જોડાયેલા છે. એક છે ઈન્ટરનેટ એન્જિન અને અન્ય છે લોકોની માંગ. ઈન્ટરનેટના કારણે કનેક્ટિવિટીમાં જોરદાર વધારો થયો છે. બીજુ એન્જિન સાધનોની સંખ્યામાં જોરદાર વધારો છે. આ બંનેના વધારાના કારણે તેજી આવી છે. આ બંનેના વધારામાં હવે કોઈ ઘટાડો થાય તેવા સંકેત પણ નથી. શરૂમાં કનેક્ટડના નામ પર માત્ર મેનફ્રેમ કોમ્પ્યુટર આઈબીએમ તેમજ મિનિટ કોમ્પ્યુટર રહેતા હતા. ત્યારબાદ પર્સનલ કોમ્પ્યુટર આવી ગયા હતા. આજે સ્માર્ટ ફોનની બોલબાલા છે. ઈન્ટરનેટ ઓફ થિંગ્સ સ્માર્ટ ડિવાઈસની સાથે મોટા ભાગના સાધન ઈન્ટરનેટ મારફતે જોડાઈ ગયા છે.

આજે માઈઉક્રોસોફ્ટ, એપલ જેવી કંપનીઓ દુનિયાની સૌથી મોટી દસ કંપનીઓમાં સામેલ છે. આ કંપનીઓ બૌદ્ધિક સંપત્તિ પર આધારિત રહેલી છે. આ કંપનીઓ પોતાની માલિકીવાળા સોફ્ટવેર, હાર્ડવેયર ડિઝાઈન પર પેટેન્ટ મારફતે એકમાત્ર અધિકાર ધરાવે છે. આ કોઈ હેરાનીની વાત નથી કે એપલ અને ગુગલે પોતાની હરિફ કંપનીઓ પર પોતાની બૌદ્ધિક સંપત્તિને ચોરી કરવાના કેસ પણ કરેલા છે. એપલની વિશેષતા એ રહી છે કે તે એક પણ નિર્માણ પ્લાન્ટની રચના કર્યા વગર સ્માર્ટ ફોન તેમજ પર્સનલ કોમ્પ્યુટરની સૌથી મોટી કંપનીઓ પૈકી બનેલી છે. આ એક રસપ્રદ વાસ્તિકતા છે કે આઈફોન બનાવનાર કંપની ફોક્સ ફોનને ઇફોનની ૨૩૭.૫ ડોલરની કુલ ફેક્ટરી કિંમતમાંથી આશરે ૮.૫ ડોલર જ મળે છે. જ્યારે એપલના રાજસ્વના ૬૦ ટકા કરતા વધારે તેમના સ્માર્ટફોનમાંથી આવે છે. શરૂઆતમાં મેનફ્રેમ કોમ્પ્યુટરની દુનિયામાં સૌથી મોટી કંપની રહેલી આઈબીએમનુ માનવુ હતુ કે અસલી કિંમત હાર્ડવેયરની હોય છે અને સોફ્ટવેર તો માત્ર હાર્ડવેયરની સાથે જોડવા માટે જ કામમાં આવે છે. તે પોતાની રીતે એક માલ હોઈ શકે નહીં. પરંતુ માઈક્રોસોફ્ટ કંપનીએ તો સોફ્ટવેર માટે જ બજારની રચના કરીને ક્રાન્તિ લાવી દીધી હતી.

પોતાના ડેસ અને આગળ ચાલીને વિન્ડોઝ ઓપરેટિંગ સિસ્ટમમાં માઈક્રોસોફ્ટ કંપનીએ પ્રભુત્વ મેળવી લીધુ હતુ. આ બિઝનેસની સાથે જ આ કંપનીએ પોતાના ઓપરેટિંગ સિસ્ટમ પર કામ કરનાર પ્રોસેસર, સ્પ્રેડશીટ્સ, ડેટા બેઝ જેવા સાધનો પર બિઝનેસને વધારી દેવા માટેની શરૂઆત કરી હતી. આજે એવી ચીજો પર શોધ થઈ રહી છે જે ક્યારેય થાકતી નથી. તમે તેનો ૨૪ કલાક ઉપયોગ કરી શકો છો. તેમના કોઈ પરિવાર, બાળકો નથી. તેમની કોઈ ભાવના નથી. માનવી શ્રમને મશીન પર લાવવાથી કેટલાક નવા પડકારો સર્જાશે.

# સહજીવનના સંબંધોમાં કોઈ બંધન નથી હોતું

આજની જીવનશૈલીમાં અપનાવાઈ રહેલા મનગમતા સંબંધોએ નવા પ્રકારની અસામાજિકતા જ નહીં, પરંતુ અસુરક્ષા અને અપરાધના આંકડા પણ વધાર્યા છે. રાજધાની દિલ્હીમાં મુંબઈની એક છોકરીની થયેલ બિભત્સ હત્યા એનો જ નમૂનો છે. હાલમાં જ થયેલ આ ઘટનામાં મિત્રતા, સહજીવન અને પછી પરિવારના વિરોધ કરતાં દિલ્હીમાં આવીને સાથે રહેવાનો રસ્તો પસંદ કરવાનું પરિણામ હત્યા સ્વરૂપે આવ્યું. આ ઘટનામાં લાંબા સમય સુધી સાથે રહ્યા બાદ લગ્ન માટે દબાણ બનાવવા પર લિવ-ઈન પાર્ટનરે પોતાની ૨૬ વર્ષીય મહિલા સાથીદારની હત્યા કરી દીધી. શ્રદ્ધા વાલકરની સાથે રહેનાર-જીવનાર આફતાબે તેનું ગળું દાબીને હત્યા કરી દીધી અને ત્યારબાદ તેના ૩૫ ટુકડા કરીને તેને ફેંકી આવ્યો. પુત્રીનો ફોન નંબર બંધ આવતાં અને કોઈ સમાચાર ન મળતાં પિતાએ એફઆઈઆર કરાવી ત્યારે હત્યાના પાંચ મહિના બાદ આ હત્યાકાંડનો પર્દાફાશ થયો.

એ કડવું સત્ય છે કે પારંપરિક અને સામાજિક બંધનોને છોડીને સ્વતંત્ર, કહો કે સ્વચ્છંદ જીવન જીવવાની ઈચ્છા માટે પસંદ કરવામાં આવતા લિવ-ઈન સંબંધોમાં મોટાભાગે ઘરેલુ હિંસા, મૌખિક દુર્વ્યવહાર અને બર્બરતાથી હત્યા સુદ્ધાં કરી દેવાના કિસ્સા જ વધુ પડતા જોવા મળે છે. એ દુઃખદ છે કે મનગમતા સાથીદારના નામે અસુરક્ષા અને અપરાધના આંકડા વધારનારી ઘટનાઓના સમાચાર દેશના ખૂણે ખૂણેથી આવતા રહે છે. ગામડાં-કસ્બાથી લઈને મહાનગરો સુદ્ધાંમાં એવી ઘટનાઓ બનતી રહે છે. હાલના દોરમાં વિચિત્ર સંબંધોથી પેદા થયેલી અસુરક્ષા ચારેબાજુ જોવા મળે છે. સ્થિતિ એવી થઈ ગઈ છે કે કેટલીય વાર ન્યાયાલય દ્વારા પણ સહજીવનના સંબંધો પર આકરી ટિપ્પણીઓ કરવામાં આવી છે. ગત દિવસોમાં જ યૌન ઉત્પીડન કેસની સુનાવણી કરતાં મધ્ય પ્રદેશ હાઈકોર્ટની ઈન્દોર પીઠે યૌન અપરાધો અને સામાજિક વિકૃતિઓમાં વધારાને ધ્યાનમાં રાખતાં લિવ-ઈન સંબંધો એટલે કે લગ્ન વિના સાથે રહેવાને અભિશાપ ગણાવતાં તેને નાગરિકોના જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાની બંધારણીય ગેરંટીની બાયપ્રોડક્ટ ગણાવી હતી. ન્યાયાલયે એ વિચારણીય વાત પણ કહી કે જે લોકો આ આઝાદીનું શોષણ કરવા માંગે છે, તેઓ તેને તરત અપનાવે છે, પરંતુ એ વાતથી સંપૂર્ણ અજાણ છે કે તેની પોતાની મર્યાદાઓ છે. આ આઝાદી બંનેમાં કોઈપણ સાથીદારને એકબીજા પર કોઈ અધિકાર નથી આપતી.

અસલમાં લિવ-ઈન સંબંધોમાં અસુરક્ષા અને અપૂર્ણતા હંમેશથી રહે છે. એકબીજાનો સાથ પામીને પણ સહજીવનના સંબંધોમાં અંદરથી ખાલીપણું અને ભયનો માહોલ હંમેશાં ઊભો જ રહે છે. આજના યુવક-યુવતીઓ માટે એ સમજવું જરૂરી છે કે કોઈ જવાબદારી વિના જીવાતા લિવ-ઈન સંબંધોમાં વિવાહ સંસ્થા જેવી ભાવનાત્મક, સામાજિક અને પારિવારિક સુરક્ષા મળી શકવી મુશ્કેલ છે. એવું નથી કે લગ્નના સંબંધોમાં



બધું જ સહજ રહેતું હોય છે, પરંતુ એટલું ચોક્કસ કે દાયિત્વબોધ અને પારિવારિક જોડાણનો ભાવ એક મજબૂત પૃષ્ઠભૂમિ બનીને જીવનને સાચવે છે. વૈવાહિક સંબંધો સાથે જોડાયેલી સામાજિક સ્વીકાર્યતા સુરક્ષા અને આધાર આપે છે. આર્થિક હોય કે ભાવનાત્મક, ગૂંચવણોના દોરમાં પોતાનાઓનો સાથ મળે છે. આ બંધન બાંધે છે તો આધાર પણ આપે છે. સહજીવનના સંબંધોમાં કોઈ બંધન નથી હોતું. આ સંબંધ સાથે કોઈ જવાબદારીનો ભાવ જોડાયેલો નથી હોતો. ખુલ્લાપણાના ભાવ સાથે જીવાતા આ સંબંધોમાં કેટલીય વાર ગૂંચ એટલી વધી જાય છે કે તેની પરિણીત અપરાધિક ઘટના રૂપે થાય છે. થોડા સમય બાદ અપૂર્ણતા અને અસુરક્ષા ભર્યા આ સંબંધોમાં પણ ભાવનાઓ ચૂપચાપ દમ તોડી દે છે. કેટલાય મામલે આ સંબંધોની શરૂઆત જ શોષણના ઈરાદાથી કરવામાં આવે છે.

અફસોસ કે કથિત ખુલ્લાપણું ગણાતા સહજીવનમાં પણ છોકરીઓએ જ મોટાભાગે છેતરાવું પડે છે. તે પોતાના લિવ-ઈન પાર્ટનરની અપેક્ષાએ આ સંબંધોને લઈને વધુ સંવેદનશીલ હોય છે. એક સમય બાદ પોતાના સંબંધોના ભવિષ્યને લઈને આશંકિત થઈ જાય છે. લગ્ન કરીને ઘર વસાવવાનું વિચારવા લાગે છે. દિલ્હીની આ ઘટના પાછળ પણ છોકરીનું વિવાહ માટે દબાણ કરવું જ તેના મોતનું કારણ બન્યું. હત્યા અને આત્મહત્યા જેવી ઘટનાઓ ઉપરાંત પણ આ સંબંધોમાં કેટલીય મહિલાઓ લિવ-ઈન સાથી પર ભરોસો કરીને યૌન શોષણ અને બ્લેકમેલિંગનો શિકાર બની ચૂપકિદી સેવે છે. એટલું જ નહીં, આ સંબંધોમાં જન્મેલાં બાળકોને જવાબદારી અને સુરક્ષા પણ લાંબા સમયથી ચર્ચાનો મુદ્દો બનેલી છે. અફસોસ કે સ્વાયત્ત અને સ્વતંત્ર સંબંધોને લઈને પોતાની પસંદગી અને વ્યક્તિગત પસંદ અનુસાર જીવવાની વાત કરનારી છોકરીઓના જીવન પર ક્યારેક તેમના પોતાના જ નિર્ણયો ભારે પડી જાય છે. એવામાં જરૂરી છે કે પ્રેમના સાચા અર્થને સમજવામાં આવે. કોઈ સંબંધોને જીવતાં પોતાના ભવિષ્ય અને સુરક્ષા વિશે પણ વિચારવું જોઈએ.

એ પણ વિચારવા જેવું છે કે આંતરધાર્મિક વિવાહની ઝંડાબરદાર બહુસંખ્યક સમાજની છોકરીઓ જ કેમ બને છે? તેની પાછળ જે કારણ દૃષ્ટિગોચર થાય છે, તે સ્પષ્ટપણે સામાજિક અને સાંસ્કૃતિક વિશ્વાસનાં ખોખલાં થતાં મૂળ તરફ ઈશારો કરે છે. આધુનિક માનસિકતાના નામે સનાતન સંસ્કૃતિની આસ્થા, વિશ્વાસ એ મૂલ્યોને પછાતપણાનાં પ્રતીક માનવામાં આવે છે. મોટાભાગે મધ્યમવર્ગીય ભારતીય પરિવારો આવી પરિપાટી અપનાવીને ખુદને અભિજાત્ય ગણાવવા આતુર થઈ રહ્યા છે અને અંતે એક એવી પેઢીનું નિર્માણ કરી રહ્યા છે, જે દિગ્ભ્રમિત છે અને જેના માટે પ્રેમ દૈહિક આકર્ષણથી વધારે કશું જ નથી. આ તથ્યને નકારી ન શકાય કે કોઈપણ પંથની પરંપરાઓ ફક્ત આસ્થાનો વિષય નથી, પરંતુ તે જીવન પથ પ્રદર્શક પણ છે, જેનો અભાવ યોગ્ય-અયોગ્ય વચ્ચે ભેદ કરવાના વિવેકને ક્ષીણ કરે છે. શું ડેટિંગ એપ્સ, સોશ્યલ નેટવર્ક સાઈટ્સ કે તમામ છદ્મ આધારોથી ઉપજેલો પ્રેમ એટલો શક્તિશાળી થઈ જાય છે કે કોઈની માન્યતાઓ અને આસ્થાઓને જાદુઈ છડી ફેરવીને બદલી નાખે? એ સત્ય નથી. તો પછી આ જાદુઈ છડી કઈ છે? દૈહિક આકર્ષણમાં વીંટળાયેલી પ્રેમની સંમોહન જાળ મન અને મસ્તિષ્કને બુઠ્ઠાં કરી સમજવા-વિચારવાની શક્તિ ખતમ કરી દે છે અને આ સ્થિતિ શ્રદ્ધા જેવી કેટલીય છોકરીઓને મોતના મુખમાં ધકેલી દે છે.

કોઈને આ બધું સંકુચિત માનસિકતા લાગી શકે, પરંતુ અહીં ૨૦૧૪માં અલ્હાબાદ હાઈકોર્ટની એ ટિપ્પણી પર ધ્યાન આપવું જોઈએ, જ્યાં તેણે નૂરજહાં પ્રકરણમાં કહ્યું હતું કે જે મત-મજહબની જાણકારી નથી, તેને આખરે કેવી રીતે સ્વીકારી શકાય? હાઈકોર્ટે એમ પણ કહ્યું હતું કે ધર્માંતરણનો આશય ધર્મની પ્રત્યેક વ્યવસ્થા અને સિદ્ધાંતોને અપનાવવાનો છે. પ્રેમનો સ્વીકાર વિરોધનો વિષય નથી. વિરોધનો આધાર પ્રેમની આડમાં છૂપા ધર્માંતરણની દાનતનો પણ છે. શ્રદ્ધાની બર્બરતાથી હત્યા પર સમાજે જાગી જવું પડશે, નહિ તો કેટલીય છોકરીઓ આ જ રીતે મોતનો સામનો કરશે.



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

Learn Ethical Hacking & Cyber Security

WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

TRAINING BY:- THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com



આંધ્રપ્રદેશનું આખું ગામ ખાલી કરાવાયું

# ઓએનજીસીની પાઈપલાઈન લીક થતા લાગી ભીષણ આગ

। એજન્સી, કોનાસીમા, તા.૬ ।

આંધ્રપ્રદેશના કોનાસીમા જિલ્લામાં ઓએનજીસીની ગેસ પાઈપલાઈનમાં મોટાપાયે લીકેજ થવાની ઘટના સામે આવી છે. મલિકીપુરમ મંડળના ઈરુસમાંડા ગામ પાસે પાઈપલાઈનમાંથી અચાનક ગેસ લીકેજ થયો હતો, જેણે જોતજોતામાં ભીષણ આગનું સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ છે.મળતી માહિતી મુજબ, પાઈપલાઈનમાંથી ગેસ લીક થતા જ આકાશમાં ઉંચે સુધી ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. ગેસનું દબાણ એટલું વધારે હતું કે આગ ઝડપથી ફેલાઈ ગઈ હતી. આસપાસના રહેણાંક વિસ્તારો સુધી ધુમાડો પહોંચતા લોકોના શ્વાસ રૂંધાવા લાગ્યા હતા અને ફાળ પડી હતી. આસપાસના ગામડાઓમાં ચોતરફ ધુમાડાના ગોટેગોટા જોવા મળી રહ્યા છે. બીજી તરફ હજારો નારિયેળી અને વૃક્ષો સળગી ગયા છે. સ્થાનિક લોકોએ તાત્કાલિક ધોરણે આ અંગે ઓએનજીસીના અધિકારીઓ અને ફાયર વિભાગને જાણ કરી હતી.ઘટનાની ગંભીરતાને જોતા વહીવટીતંત્ર તાત્કાલિક એક્શનમાં આવ્યું હતું. સુરક્ષાના ભાગરૂપે અને મોટી જાનહાનિ ટાળવા માટે ઈરુસમાંડા અને તેની આસપાસના ગામોને તાત્કાલિક ખાલી કરાવવામાં આવ્યા છે. લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે.ઓએનજીસીના ટેકનિકલ નિષ્ણાતો અને ફાયર ફાઈટરોની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે.

અમે ચૂંટણીપંચ સાથે, નકલી મતદારોનો સફાયો જરૂરી : ભાજપ

# મમતા બેનર્જી સરની પ્રોસેસમાં થયેલાં મૃત્યુ મુદ્દે ઈલેક્શન કમિશનને કોર્ટમાં પડકારશે

## સામાન્ય સ્પેલિંગની ભૂલ, સરનામામાં ફેરફાર અને લગ્ન પછી બદલાતા નામના કારણે અનેક મતદારોના નામ કાઢી નાખવામાં આવ્યા છે । આ એક પ્રકારનું ષડયંત્ર છે : મમતા

। એજન્સી, કોલકાત્તા, તા.૬ ।

મતદાર યાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રીવિઝન (સર)ના મુદ્દે મમતા બેનર્જી અને ભાજપ કેટલાય સમયથી સામ-સામે છે. બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કહ્યું હતું કે ચૂંટણી પંચની મનમાની સામે તે કોર્ટમાં જશે. ચૂંટણી પંચની વહીવટી મનસ્વીતા અને પજવણીના વિરોધમાં સુપ્રીમ કોર્ટ સુધી લડવાની તૈયારી બતાવીને મમતા બેનર્જીએ કહ્યું હતું કે ચૂંટણી પંચના કારણે સરની પ્રક્રિયા દરમિયાન ૭૦ લોકોનાં મોત થયા છે.પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ૨૪ પરગણામાં સંબોધન કરતી વખતે જાહેરાત કરી હતી કે લોકોના હિત માટે સરની પ્રક્રિયા સામે તે કોર્ટમાં જશે. ચૂંટણી પંચની મનમાનીના કારણે સરની પ્રક્રિયા દરમિયાન ૭૦થી વધુનાં મોત થઈ ચૂક્યા છે અને એ મુદ્દે કોર્ટમાં પડકાર અપાશે. એટલું જ નહીં, જરૂર પડશે તો આ મુદ્દે સુપ્રીમ કોર્ટ સુધી લડત આપવામાં આવશે. તેમણે કહ્યું કે આ આપણાં અસ્તિત્વની લડાઈ છે. સામાન્ય સ્પેલિંગની ભૂલ, સરનામામાં ફેરફાર અને લગ્ન પછી બદલાતા નામના કારણે અનેક મતદારોના નામ કાઢી નાખવામાં આવ્યા છે. આ એક પ્રકારનું ષડયંત્ર છે. એઆઈ નક્કી કરે છે કે કોનું નામ બદલાઈ ગયું છે. કઈ છોકરીના લગ્ન થયા છે. કોનું સરનામું બદલાયું છે. એક હત્યારાને પણ તેના બચાવની તક મળે છે ત્યારે અહીં તો લોકોના નામ હટાવ્યા પછી તેમના અસ્તિત્વ સામે સવાલ ઉભા થઈ જાય છે. હું લોકોના મુદ્દે બોલી રહી છું અને બોલતી રહીશ.



મમતા બેનર્જીએ આરોપ લગાવ્યો હતો કે વોટ્સએપના માધ્યમથી લોકોને ગાયબ કરાઈ રહ્યાં છે. તેમણે કહ્યું કે રાજ્યમાં કોઈ ડિટેન્શન કેમ્પ બનવા દેવાશે નહીં. વક્ફની સંપત્તિ પર પણ કોઈનો કબજો થવા દેવાશે નહીં. તેમણે ચૂંટણી પંચ અને ભાજપ પર બંગાળના લોકોનું અપમાન કરવાનો આરોપ લગાવ્યો હતો. અગાઉ પણ મમતા બેનર્જીએ સરની પ્રક્રિયા સામે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. તે એટલે સુધી કે તેમણે આમાં ભ્રષ્ટાચારનો આરોપ સુદ્ધાં મૂક્યો હતો. ચૂંટણી પંચ સામે પશ્ચિમ બંગાળની સરકાર કેસ કરશે કે તેમની પાર્ટી તૃણમૂલ કોંગ્રેસ કેસ કરશે તેની સ્પષ્ટતા કરવામાં આવી નથી.

બીજી તરફ બંગાળ ભાજપે પણ સામે જવાબ આપ્યો હતો. બંગાળ ભાજપના નેતા સુવેન્દુ અધિકારીએ ચૂંટણી પંચને પત્ર લખીને કહ્યું હતું કે મમતા બેનર્જી લોકોને ગેરમાર્ગે દોરી રહ્યાં છે, પરંતુ સરની પ્રક્રિયા ચાલી રહી છે તે ચાલતી રહેવી જોઈએ. ભાજપનું આ પ્રક્રિયાને સમર્થન છે.

## જાલોરમાં મુસાફરોને લઈ જતી બસ ખીણમાં ખાબકી,પતિ-પત્ની સહિત ૨ના મોત

। એજન્સી, જાલોર, તા.૬ ।

ગુજરાત સાથેની સરહદે આવેલા રાજસ્થાનના જાલોર જિલ્લામાં રવિવારે એક અત્યંત દર્દનાક માર્ગ અકસ્માત સર્જાયો હતો, જેમાં બે લોકોએ જીવ ગુમાવ્યા છે. સાંચોરથી જયપુર જઈ રહેલી એક ખાનગી ટ્રાવેલ્સની લકઝરી બસ અનિયંત્રિત થઈને ખાઈમાં પલટી ગઈ હતી. આ ભીષણ દુર્ઘટનામાં એક મહિલા અને એક પુરુષનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે ૨૦ જેટલા મુસાફરો ઘાયલ થયા હતા. ઘાયલોમાંથી પાંચની હાલત ગંભીર હોવાનું કહેવાય છે.આ દુર્ઘટના આહોર પોલીસ સ્ટેશન વિસ્તારના અગવરી ગામ પાસે નેશનલ હાઈવે ૩૨૫ પર બની હતી, જેના કારણે ઘટનાસ્થળે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, ખાનગી ટ્રાવેલ્સની બસ સાંચોરથી જયપુર તરફ જઈ રહી હતી. જ્યારે બસ અગવરી ગામ પાસે પહોંચી, ત્યારે અચાનક રસ્તા પર આવેલા એક પશુને બચાવવાના પ્રયાસમાં ડ્રાઈવરે બસને વાળતા સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. પરિણામે, બસ બેકાબૂ થઈને રસ્તાની બાજુમાં આવેલી ખાઈમાં જઈને પલટી ગઈ. બસ પલટતા જ મુસાફરોમાં ચીસો અને બૂમાબૂમ મચી ગઈ હતી અને ઘણા લોકો બસ નીચે દબાઈ ગયા હતા.અકસ્માતની જાણ થતાં જ આહોર પોલીસ અને સ્થાનિક વહીવટીતંત્રની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી.

મદ્રાસ હાઈકોર્ટે ઐતિહાસિક ચુકાદો આપ્યો

# દરગાહ - મંદિર વિવાદમાં દીપ પ્રગટાવવા અનુમતિ હાઈકોર્ટે તમિલનાડુ સરકારની ઝાટકણી કાઢી

## હાઈકોર્ટની મદુરાઈ બેન્ચે પહાડી પર આવેલા પથ્થરના સ્તંભ(દીપથૂન) ઉપર દીવો પ્રગટાવવાના અગાઉના આદેશને યથાવત રાખ્યો છે । નિર્ણયને સત્તારૂઢ ડીએમકે સરકાર માટે મોટો ઝટકો માનવામાં આવી રહ્યો છે

। એજન્સી, મદ્રાસ, તા.૬ ।

તમિલનાડુના પ્રસિદ્ધ થિરુપરંકુંદ્રમ પહાડી પર કાર્તિગઈ દીપમ પ્રગટાવવાને લઈને ચાલી રહેલા લાંબા વિવાદમાં મદ્રાસ હાઈકોર્ટે ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. હાઈકોર્ટની મદુરાઈ બેન્ચે પહાડી પર આવેલા પથ્થરના સ્તંભ(દીપથૂન) પર દીવો પ્રગટાવવાના અગાઉના આદેશને યથાવત રાખ્યો છે. આ નિર્ણયને સત્તારૂઢ ડીએમકે સરકાર માટે મોટો ઝટકો માનવામાં આવી રહ્યો છે.જસ્ટિસ જી. જયચંદ્રન અને કે.કે. રામકૃષ્ણનની બેન્ચે સ્પષ્ટ કર્યું હતું કે જે જગ્યાએ આ પથ્થરનો સ્તંભ આવેલો છે, તે જગ્યા મૂળભૂત રીતે ભગવાન સુબ્રમણ્યમ સ્વામી મંદિરની માલિકીની છે. કોર્ટે સરકારની એ દલીલને ફગાવી દીધી હતી જેમાં કાયદો અને વ્યવસ્થા બગડવાની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી. અદાલતે ટકોર કરી કે, 'તંત્રએ આ મુદ્દાને બે સમુદાયો વચ્ચેના મતભેદ ઉકેલવાની તક તરીકે જોવો જોઈએ.'





થિરુપરંકુંદ્રમ પહાડી એક સંરક્ષિત અને ઐતિહાસિક સ્થળ હોવાને કારણે, મદ્રાસ હાઈકોર્ટે દીવો પ્રગટાવવાની મંજૂરી આપવાની સાથે કેટલીક ચુસ્ત શરતો પણ મૂકી છે. અદાલતે સ્પષ્ટ આદેશ આપ્યો છે કે પહાડી પર કાર્તિગઈ દીપમ પ્રગટાવવાની પ્રક્રિયા શરૂ કરતા પહેલા ભારતીય પુરાતત્વ સર્વેક્ષણની સલાહ લેવી અનિવાર્ય રહેશે, જેથી આ પ્રાચીન સ્થળના વારસાને કોઈ નુકસાન ન પહોંચે. આ ઉપરાંત, સુરક્ષા અને વ્યવસ્થા જાળવી રાખવા માટે પહાડી પર એક સમયે કેટલા લોકો એકઠા થઈ શકશે, તેની મર્યાદા નક્કી કરવાની જવાબદારી પણ સ્થાનિક વહીવટીતંત્રને સોંપવામાં આવી છે. આમ, કોર્ટે ધાર્મિક આસ્થા અને ઐતિહાસિક વારસાના જતન વચ્ચે સંતુલન જાળવવાનો પ્રયાસ કર્યો છે.

થિરુપરંકુંદ્રમ પહાડી ભગવાન મુરુગનનું પવિત્ર નિવાસસ્થાન ગણાય છે. આ પહાડી પર એક દરગાહ પણ આવેલી છે, જેના કારણે મંદિર અને દરગાહ વચ્ચે વર્ષ ૧૯૨૦થી તણાવ ચાલી રહ્યો છે. અગાઉ ૧૯૯૬માં કોર્ટે પરંપરાગત સ્થળે દીવો પ્રગટાવવા કહ્યું હતું, પરંતુ શ્રદ્ધાળુઓ દરગાહ પાસેના 'દીપથૂન' સ્તંભ પર દીવો પ્રગટાવવાની માંગ કરી રહ્યા હતા. તમિલનાડુના પ્રસિદ્ધ થિરુપરંકુંદ્રમ પહાડી પર કાર્તિગઈ દીપમ પ્રગટાવવાને લઈને ચાલી રહેલા લાંબા વિવાદમાં મદ્રાસ હાઈકોર્ટે ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. હાઈકોર્ટની મદુરાઈ બેન્ચે પહાડી પર આવેલા પથ્થરના સ્તંભ(દીપથૂન) પર દીવો પ્રગટાવવાના અગાઉના આદેશને યથાવત રાખ્યો છે.

ઉદ્ધવ જૂથની મહિલા નેતાએ લગાવ્યો ગડબડીનો આરોપ

## 'ચૂંટણી પંચે હવે ભાજપ કાર્યાલયમાં કામ કરવું જોઈએ',

। એજન્સી, પૂણે, તા.૬ ।

મહારાષ્ટ્રમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીને લઈને રાજ્યમાં રાજકીય ગરમાવો યથાવત છે. આ દરમિયાન નેતાઓ વચ્ચે શાબ્દિક તીર ચલાવવામાં આવી રહ્યા છે. તેવામાં ઉદ્ધવ જૂથની મહિલા નેતા પ્રિયંકા ચતુર્વેદીએ ચૂંટણીમાં ગડબડીનો આરોપ લગાવી ચૂંટણી પંચ પર નિશાન સાધ્યું છે.પ્રિયંકા ચતુર્વેદીનું કહેવું છે કે, 'મહારાષ્ટ્રમાં ચૂંટણીઓમાં ચોરી થઈ રહી છે. રાજ્ય ચૂંટણી પંચ આંધળું છે. મહારાષ્ટ્રમાં કોર્પોરેશનની ચૂંટણીઓમાં ખુલ્લેઆમ ગોટાળા થઈ રહ્યા છે. ચૂંટણી પંચને બંધ કરી દેવું જોઈએ. ચૂંટણી પંચે હવે ભાજપ કાર્યાલયમાંથી કામ કરવું જોઈએ.'તેમણે વધુમાં કહ્યું કે, મહારાષ્ટ્ર વિધાનસભા સ્પીકર રાહુલ નાર્વેકર કોર્પોરેશનની ચૂંટણીમાં ખુલ્લેઆમ ધમકી આપી રહ્યા હતી. આમ પ્રિયંકાએ ચૂંટણીપંચની નિષ્પક્ષતા પર સવાલ ઉઠાવ્યા છે.આ ઉપરાંત શિવસેના યુબીટીની એક મહિલાએ પણ ઈન્દોરમાં દૂષિત પાણીથી થયેલા મૃત્યુ અંગે મધ્યપ્રદેશ સરકારની ટીકા કરી હતી. તેમણે કહ્યું કે, ઈન્દોરની ઘટના દેશ માટે શરમજનક ઘટના છે.પ્રિયંકા ચતુર્વેદીએ કહ્યું કે, 'ઈન્દોરની ઘટનામાં શક્ય તેટલી કડક કાર્યવાહી થવી જોઈએ. મધ્યપ્રદેશમાં કફ સિરપથી પણ મૃત્યુ થયા હતા અને આ હકીકતને દબાવવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા.'મહારાષ્ટ્રમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીને લઈને રાજ્યમાં રાજકીય ગરમાવો યથાવત છે. આ દરમિયાન નેતાઓ વચ્ચે શાબ્દિક તીર ચલાવવામાં આવી રહ્યા છે. તેવામાં ઉદ્ધવ જૂથની મહિલા નેતા પ્રિયંકા ચતુર્વેદીએ ચૂંટણીમાં ગડબડીનો આરોપ લગાવી ચૂંટણી પંચ પર નિશાન સાધ્યું છે.પ્રિયંકા ચતુર્વેદીનું કહેવું છે કે, 'મહારાષ્ટ્રમાં ચૂંટણીઓમાં ચોરી થઈ રહી છે. રાજ્ય ચૂંટણી પંચ આંધળું છે. મહારાષ્ટ્રમાં કોર્પોરેશનની ચૂંટણીઓમાં ખુલ્લેઆમ ગોટાળા થઈ રહ્યા છે. ચૂંટણી પંચને બંધ કરી દેવું જોઈએ. ચૂંટણી પંચે હવે ભાજપ કાર્યાલયમાંથી કામ કરવું જોઈએ.'તેમણે વધુમાં કહ્યું કે, મહારાષ્ટ્ર વિધાનસભા સ્પીકર રાહુલ નાર્વેકર કોર્પોરેશનની ચૂંટણીમાં ખુલ્લેઆમ ધમકી આપી રહ્યા હતી.

### ન્યૂઝ બ્રિફ



## કોંગ્રેસના વરિષ્ઠ નેતા સોનિયા ગાંધીની તબિયત લથડી, ગંગારામ હોસ્પિટલમાં દાખલ

। એજન્સી, નવી દિલ્હી, તા.૬ ।

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીને દિલ્હીની જાણીતી સર ગંગારામ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સોમવારે મોડી સાંજે તેમને હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા. હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા અનુસાર, સોનિયા ગાંધીને જૂની ખાંસી અને શ્વાસ લેવામાં તકલીફના કારણે દાખલ કરવામાં આવ્યા છે.હોસ્પિટલ દ્વારા મળતી માહિતી મુજબ, હાલ તેમની તબિયત સ્થિર છે. તેમને ચેસ્ટ સ્પેશિયાલિસ્ટ (છાતીના રોગના નિષ્ણાત) ડોક્ટરોની ખાસ દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ એક રેગ્યુલર ચેકઅપનો એક ભાગ છે. દિલ્હીમાં વધી રહેલા પ્રદૂષણને કારણે તેમને ખાંસીની સમસ્યા વધી હતી, જેના નિવારણ માટે તેઓ તપાસ કરાવી રહ્યા છે.પીટીઆઈના અહેવાલ મુજબ, સોનિયા ગાંધી લાંબા સમયથી શ્વાસ સંબંધિત સમસ્યાઓથી પીડાઈ રહ્યા છે. દિલ્હીની હવાની ગુણવત્તા ખરાબ થતાં તેમને અવારનવાર ચેકઅપ માટે હોસ્પિટલ આવવું પડે છે. ઉલ્લેખનીય છે કે, સોનિયા ગાંધીએ ડિસેમ્બર ૨૦૨૫ માં જ પોતાનો ૭૯મો જન્મદિવસ ઉજવ્યો હતો.કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીને દિલ્હીની જાણીતી સર ગંગારામ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સોમવારે મોડી સાંજે તેમને હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા. હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા અનુસાર, સોનિયા ગાંધીને જૂની ખાંસી અને શ્વાસ લેવામાં તકલીફના કારણે દાખલ કરવામાં આવ્યા છે.હોસ્પિટલ દ્વારા મળતી માહિતી મુજબ, હાલ તેમની તબિયત સ્થિર છે.

## આસામમાં ભૂકંપઃ મોરીગાંવમાં ૫.૧ની તીવ્રતાના આંચકાથી લોકો ઘરની બહાર દોડી આવ્યા

। એજન્સી, મોરીગાંવ, તા.૬ ।

આસામના મોરીગાંવ જિલ્લામાં સોમવારે વહેલી સવારે ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૧ નોંધાઈ હતી. સવારે લગભગ ૪:૧૭ વાગ્યે આવેલા આ ભૂકંપના આંચકાને કારણે ગાઢ નિદ્રામાં સૂતેલા લોકો ગભરાઈને પોતાના ઘરોમાંથી બહાર દોડી આવ્યા હતા.નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, ભૂકંપનું કેન્દ્રબિંદુ આસામના મોરીગાંવમાં જ હતું. તેનું અક્ષાંશ ૨૬.૩૭ ડિગ્રી ઉત્તર અને રેખાંશ ૯૨.૨૯ ડિગ્રી પૂર્વ નોંધવામાં આવ્યું છે. ભૂકંપની ઊંડાઈ જમીનથી લગભગ ૫૦ કિલોમીટર નીચે હોવાનું જણાવાયું છે.ભૂકંપના આંચકા અનુભવાતા જ લોકોમાં ભયનો માહોલ ફેલાઈ ગયો હતો અને તેઓ પોતાના ઘરોમાંથી બહાર ખુલ્લામાં આવી ગયા હતા. જોકે, રાહતની વાત એ છે કે હાલમાં કોઈ પણ પ્રકારના જાનમાલના નુકસાનના કોઈ સત્તાવાર સમાચાર સામે આવ્યા નથી. સ્થાનિક વહીવટીતંત્ર પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે અને લોકોને સાવચેત રહેવા તથા કોઈપણ પ્રકારની અફવાઓથી બચવા માટે અપીલ કરી છે.ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૧ નોંધાઈ હતી.

## અમેરિકાના વાઈસ પ્રેસિડેન્ટ જે. ડી. વેન્સના ઘર પર હુમલો, શંકાસ્પદની અટકાયત

। એજન્સી, વોશિંગ્ટન, તા.૬ ।

અમેરિકાના ઉપપ્રમુખ જે ડી વેન્સના નિવાસ સ્થાન પર સોમવારે હુમલો થયો છે. હુમલામાં તેમના ઘરની બારીઓને નુકસાન પહોંચ્યું. ઘટના બાદ એક શંકાસ્પદની ધરપકડ કરવામાં આવી છે. સિનસિનાટી સ્થિત તેમના નિવાસ સ્થાન પર રાત્રિના ૧૨ વાગ્યાની આસપાસ હુમલો કરાયો. અમેરિકાના સ્થાનિક સમય અનુસાર યુએસ સિક્રેટ સર્વિસને હુમલા અંગે રાત્રિના ૧૨.૧૫ વાગ્યે સૂચના મળી. પોલીસે એક શંકાસ્પદ વ્યક્તિની અટકાયત કરી છે અને તપાસ કરવામાં આવી રહી છે. સ્થાનિક મીડિયા અહેવાલો અનુસાર ઘરની બારીઓમાં નુકસાન થયું છે.

## પ્રિયંકા ગાંધીને કોંગ્રેસ સંગઠનમાં પહેલીવાર મળી મોટી જવાબદારી

। એજન્સી, નવી દિલ્હી, તા.૬ ।

કોંગ્રેસે પાંચ રાજ્યોમાં આગામી વિધાનસભા ચૂંટણી માટે સ્ક્રીનીંગ કમિટીની રચના કરી છે. જેમાં કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધીને આસામ સ્ક્રીનીંગ કમિટીના વડા તરીકે નિયુક્ત કરાયા છે. આ કોંગ્રેસ સંગઠનમાં પ્રિયંકા ગાંધીની પહેલી મોટી જવાબદારી છે. આ પહેલીવાર પ્રિયંકા ગાંધીને રાજ્ય સ્ક્રીનીંગ કમિટીની જવાબદારી સોંપવામાં આવી છે.સ્ક્રીનીંગ કમિટી ઉમેદવારોની યાદી તૈયાર કરે છે, જેને પછી પાર્ટીની કેન્દ્રીય ચૂંટણી સમિતિ દ્વારા અંતિમ સ્વરૂપ આપવામાં આવે છે. પ્રિયંકા ગાંધી ઉપરાંત, મધુસુદન મિસ્ત્રીને કેરળ સ્ક્રીનીંગ કમિટીના વડા બનાવાયા છે. આ સિવાય ટીએસ સિંહ દેવને તમિલનાડુ અને પુડુચેરી માટે સ્ક્રીનીંગ કમિટીના વડા તરીકે જવાબદારી સોંપાઈ છે.સ્ક્રીનીંગ કમિટી ઉમેદવારોની યાદી તૈયાર કરે છે, જેને પછી પાર્ટીની કેન્દ્રીય ચૂંટણી સમિતિ દ્વારા અંતિમ સ્વરૂપ આપવામાં આવે છે. પ્રિયંકા ગાંધી ઉપરાંત, મધુસુદન મિસ્ત્રીને કેરળ સ્ક્રીનીંગ કમિટીના વડા બનાવાયા છે. આ સિવાય ટીએસ સિંહ દેવને તમિલનાડુ અને પુડુચેરી માટે સ્ક્રીનીંગ કમિટીના વડા તરીકે જવાબદારી સોંપાઈ છે.મહત્વનું છે કે પ્રિયંકા ગાંધીને સંગઠનમાં મોટી જવાબદારી મળશે તેવી ચર્ચાઓ ઘણા સમયથી હતી. પ્રિયંકા કોઈ રાજ્યમાં જઈ સંગઠનના એક પદ પર કામ કરશે તેવી આ પહેલી તક છે. કોંગ્રેસ અત્યારથી જ પાંચ રાજ્યોમાં આવી રહેલી ચૂંટણીને લઈને એલર્ટ મોડમાં છે. કોંગ્રેસે પશ્ચિમ બંગાળ બી.કે. હરિપ્રસાદને જવાબદારી સોંપી છે.

## એઆઇથી નોકરી જતા ઇન્દોરમાં ઝવેરાતની દુકાનમાં લૂંટ ચલાવી

। એજન્સી, ઇન્દોર, તા.૬ ।

ઈન્દોરમા એક ઝવેરાતની દુકાન માંથી ચોરીની દિલચસ્પ ઘટના સામે આવી છે.આ દુકાનમાંથી ૧૬ લાખથી વધુ રકમના ઘરેણાની ચોરી કરવામાં આવી છે.આ ગુનામા પોલીસે ૧૮ વર્ષના ગ્રાફિક ડિઝાઈનર અને તેની મિત્રની ધરપકડ કરી છે.તેઓએ ફિલ્મ બન્ટી અને બબલી જોઈને આ ચોરીને અંજામ આપ્યો હતો.પોલીસે ચોરીના તમામ ઘરેણા જપ્ત કર્યા છે.રાઉ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૨૨ ડિસેમ્બરની રાત્રે એક દુકાનમાંથી સોના,ચાંદી અને હીરાના મળીને ૧૬.૧૭ લાખના ઘરેણાની ચોરી થઈ હતી. પોલીસે આ કેસમાં એક યુવક અને યુવતીની ધરપકડ કરી છે.ડીસીપી શ્રીકૃષ્ણ લાલચંદાનીએ કહ્યું કે બન્ને આરોપીની ઉંમર ૧૮ વર્ષ છે. છોકરો ગ્રાફિક ડિઝાઈનર છે અને છોકરી નીટની તૈયારી કરી રહી છે.તેઓ બાળપણથી એક બીજાને જાણે છે.ડીસીપીએ કહ્યું કે પૂછપરછ દરમિયાન છોકરાએ કહ્યું કે તે આઈટી કંપનીમા પાર્ટટાઈમ ગ્રાફિક ડિઝાઈનર હતો. કંપનીએ એઆઈ ટેકનોલોજી અપનાવતા તેની નોકરી ગઈ હતી. જેના પગલે આર્થિક ભીસમાં આવ્યો હતો. આરોપીઓએ જણાવ્યું હતું કે હિન્દી ફિલ્મ બંટી ઔર બબલી જોઈને ચોરીની યોજના બનાવી હતી.

ઐતિહાસિક નિર્ણય | ઓપનનો અર્થ થાય તમામ માટે ખુલ્લુ હોવું, મેરિટનું પણ સન્માન જરૂરી : હાઇકોર્ટમાં ભરતી મામલે સુપ્રીમનું અવલોકન

# નોકરીમાં જનરલ સીટો પર એસસી, એસટી, ઓબીસીનો પણ હક : સુપ્રીમ

। એજન્સી, નવી દિલ્હી, તા.૬ ।

સરકારી નોકરીઓમાં અનામત અને મેરિટને લઈને લાંબા સમયથી જે ચર્ચા ચાલી રહી છે તેના પર સુપ્રીમ કોર્ટે વિરામ મુકી દીધો છે. સુપ્રીમ કોર્ટે એક ઐતિહાસિક નિર્ણય લેતા સ્પષ્ટતા કરી છે કે અનામત વર્ગ એસસી, એસટી, ઓબીસી અને ઈડબલ્યુએસના ઉમેદવારો પણ જનરલ કેટેગરીની સીટ પર નોકરી મેળવવાના હકદાર છે પરંતુ શરત એટલી જ છે કે તેમણે જનરલ કેટેગરીમાં કટઓફ મેળવેલ હોવી જોઈએ. રાજસ્થાન હાઈકોર્ટમાં કેટલાક પદો પર ભરતી બહાર પડાઈ હતી જેમાં એક નિયમ હતો કે અનામત વર્ગના ઉમેદવારોને સામાન્ય કેટેગરીના પદ માટે નિમણુંક નહીં આપવામાં આવે. તેમના કટઓફ નંબર જનરલ કટઓફથી વધુ જ કેમ ના હોય, હાઈકોર્ટનુ એવુ તર્ક હતું કે જો અનામત વર્ગને જનરલ સીટ અપાઈ તો તે ડબલ બેનિફિટ આપવા જેવું ગણાશે પહેલુ અનામત અને બીજુ સામાન્ય રીટ. બાદમાં હાઈકોર્ટની જ ડિવિઝન બેન્ચે અનામત કેટેગરીના ઉમેદવારોની તરફેણમાં ચુકાદો આપ્યો, પરિણામે હાઈકોર્ટ દ્વારા સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના ચુકાદાને યોગ્ય ઠેરવ્યો હતો અને હાઈકોર્ટ પ્રશાસન દ્વારા કરાયેલી અપીલને ફગાવાઈ હતી. સુપ્રીમના ન્યાયાધીશ દિપાંકર દત્તા અને ઓગસ્ટિન જી મસિહની બેંચે સ્પષ્ટતા કરી હતી કે ઓપન શબ્દનો અર્થ થાય છે તમામ માટે ઓપન, મેરિટનું સન્માન થવું જોઈએ, સુપ્રીમ કોર્ટે ૧૯૯૨ના ઐતિહાસિક ઈંદિરા સાહની ચુકાદાને ટાંક્યો હતો. ન્યાયાધીશ દત્તાએ સ્પષ્ટ કહ્યું હતું કે અમે સ્પષ્ટ રીતે માનીએ છીએ કે ઓપન શબ્દનો અર્થ ખુલ્લુ એવો થાય છે, એટલે કે જે સીટો ઓપન કેટેગરી માટે છે તે કોઈ ચોક્કસ જાતિ વર્ગની જાગીર નથી, તે તમામ માટે છે. આ સાથે જ સુપ્રીમ કોર્ટે ભરતી પ્રક્રિયાને પણ સ્પષ્ટ કરી દીધી હતી, જેમ કે જો કોઈ અનામત વર્ગ (એસસી, એસટી, ઓબીસી)નો ઉમેદવાર લેખિત પરીક્ષામાં જનરલ કેટેગરીના કટઓફથી વધુ માર્ક લાવે છે તો ઈન્ટરવ્યૂ સમયે તેને જનરલ કેટેગરીનો ઉમેદવાર માનવામાં આવશે. જો ફાઈનલ રિઝલ્ટમાં કુલ માર્ક જનરલ કેટેગરીના કટઓફથી ઓછા રહી જાય તો તેને પરત ફરી એ જ મૂળ અનામત કેટેગરીમાં ગણવામાં આવશે કે જેથી તેને અનામતનો લાભ મળી શકે. સરકારી નોકરીઓમાં અનામત અને મેરિટને લઈને લાંબા સમયથી જે ચર્ચા ચાલી રહી છે તેના પર સુપ્રીમ કોર્ટે વિરામ મુકી દીધો છે. સુપ્રીમ કોર્ટે એક ઐતિહાસિક નિર્ણય લેતા સ્પષ્ટતા કરી છે કે અનામત વર્ગ એસસી, એસટી, ઓબીસી અને ઈડબલ્યુએસના ઉમેદવારો પણ જનરલ કેટેગરીની સીટ પર નોકરી મેળવવાના હકદાર છે.



# ઈરાનમાં ભારેલો અગ્નિ! સરકાર વિરોધી દેખાવોમાં ૩૫ના મોત । ૧૨૦૦ની ધરપકડ





તેહરાન : ઈરાનમાં મોંઘવારી અને નબળી અર્થવ્યવસ્થાના વિરોધમાં શરૂ થયેલું આંદોલન સરકારને ઉથલાવવાના આંદોલનમાં બદલાઈ ગયું છે. લોકો ઈરાનના સુપ્રીમ લીડર આયાતોલ્લા અલી ખામેનેઈને હટાવવા રસ્તા પર ઉતરી આવી છે. ઈરાનના તેહરાન, ઈસ્ફહાન, મશહદ, શિરાજ અને કોમ સહિતના મુખ્ય શહેરોમાં મોટા પ્રમાણમાં દેખાવો થઈ રહ્યા છે. જોકે ઈરાનની સરકારનું માનવું છે કે આ આંદોલન વિદેશી ષડ્યંત્ર છે. સરકાર આંદોલનને બળપૂર્વક કચડવા પ્રયાસ કરી રહી છે. આયાતોલ્લા અલી ખામેનેઈએ બે દિવસ પહેલા જ ચેતવણી આપી હતી કે હિંસક તત્વોને તેમની જગ્યા બતાવીશું. ઈરાનમાં સરકાર વિરોધી હિંસામાં અત્યાર સુધી ઓછામાં ઓછા ૩૫ લોકોના મોત થયા છે જ્યારે ૧૨૦૦થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી છે. જોકે આ દેખાવો હજુ શાંત થાય તેવા કોઈ સંકેત નથી. રિપોર્ટમાં દાવો કરાયો છે કે હિંસક આંદોલનોમાં ૨૫૦થી વધુ પોલીસ જવાનો અને ૪૫ જેટલા અર્ધલશ્કરી દળોના જવાનો ઘાયલ થયા છે. સત્તા વિરોધી દેખાવોમાં હિંસા વધતાં અમેરિકાના હસ્તક્ષેપની સંભાવના પણ વધી રહી છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સતત ઈરાનને ચેતવણી આપી રહ્યા છે કે જો ઈરાનમાં આંદોલન કરી રહેલા લોકોની હત્યા થઈ અમેરિકા તેમની મદદ માટે આગળ આવશે. હાલમાં જ અમેરિકાએ વેનેઝુએલા પર પણ હુમલો કર્યો હતો.

## શ્રદ્ધા કપુર નાગિનનું શૂટિંગ એપ્રિલથી શરૂ કરશે



। એજન્સી, મુંબઇ, તા.૬ ।

શ્રદ્ધા કપૂર તેની નવી ફિલ્મ 'નાગિન'નું શૂટિંગ આગામી એપ્રિલથી શરુ કરશે. તેની 'ઈથા' ફિલ્મનું શૂટિંગ માર્ચ માસ સુધી લંબાઈ જતાં તે પછી જ તે નવી ફિલ્મનાં શૂટિંગ માટે તારીખો ફાળવી શકશે. 'નાગિન' એક ફેન્ટસી ફિલ્મ છે. આ ફિલ્મમાં વિઝ્યુઅલ ઈફેક્ટસનો ભરપૂર ઉપયોગ કરવામાં આવશે. જોકે, ફિલ્મના અન્ય કલાકારોની વિગતો હજુ બહાર આવી નથી. શ્રદ્ધા ફિલ્મ 'ઈથા'માં તમાશા અને લાવણી નૃત્યાંગના વિઠાબાઇ નારાયણગાઉંકરની ભૂમિકા ભજવી રહી છે. આ ફિલ્મનાં શૂટિંગ દરમિયાન શ્રદ્ધાને ઈજા થઇ હતી. પરિણામે થોડા સમય માટે શૂટિંગ અટકી ગયું હતું.

જોકે, શ્રદ્ધાએ ઈજા પછી પણ શૂટિંગ આગળ ધપાવતાં શિડયૂલ ખાસ લંબાવવું પડયું નથી. શ્રદ્ધા કપૂર તેની નવી ફિલ્મ 'નાગિન'નું શૂટિંગ આગામી એપ્રિલથી શરુ કરશે. તેની 'ઈથા' ફિલ્મનું શૂટિંગ માર્ચ માસ સુધી લંબાઈ જતાં તે પછી જ તે નવી ફિલ્મનાં શૂટિંગ માટે તારીખો ફાળવી શકશે. 'નાગિન' એક ફેન્ટસી ફિલ્મ છે. આ ફિલ્મમાં વિઝ્યુઅલ ઈફેક્ટસનો ભરપૂર ઉપયોગ કરવામાં આવશે. જોકે, ફિલ્મના અન્ય કલાકારોની વિગતો હજુ બહાર આવી નથી.

### અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વેનેઝુએલાની સ્થિતિ અંગે અત્યંત મહત્વનું નિવેદન

## વેનેઝુએલા સાથે યુદ્ધ નહીં કરે અમેરિકા : ટ્રમ્પની જાહેરાત । અમે પહેલા તેમની અર્થવ્યવસ્થા ઠીક કરીશું

**ડોનાલ્ડ ટ્રમ્પે વેનેઝુએલાના તેલ ક્ષેત્રને પુનર્જીવિત કરવા માટે એક મહત્વાકાંક્ષી આર્થિક યોજના રજૂ કરી છે, જેમાં અમેરિકન તેલ કંપનીઓની ભૂમિકા અત્યંત નિર્ણાયક રહેશે**

। એજન્સી, વોશિંગ્ટન, તા.૬ ।

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વેનેઝુએલાની સ્થિતિ અંગે અત્યંત મહત્ત્વનું નિવેદન આપતા સ્પષ્ટ કર્યું છે કે અમેરિકા વેનેઝુએલા સાથે કોઈ યુદ્ધમાં નથી, પરંતુ ત્યાં અત્યારે તાત્કાલિક ચૂંટણી કરાવવાનું કોઈ દબાણ પણ કરવામાં આવશે નહીં. ટ્રમ્પના મતે, ચૂંટણી પહેલા દેશને સ્થિર કરવો અને ત્યાંની ભાંગી પડેલી વ્યવસ્થાને ફરી બેઠી કરવી પ્રાથમિકતા છે.એક ઇન્ટરવ્યૂમાં ટ્રમ્પે જણાવ્યું હતું કે આગામી ૩૦ દિવસમાં વેનેઝુએલામાં ચૂંટણી શક્ય નથી. તેમણે કહ્યું, 'અમારે પહેલા દેશને ઠીક કરવો પડશે. જો લોકો વોટ આપી શકવાની સ્થિતિમાં જ ન હોય, તો ચૂંટણી કેવી રીતે કરાવી શકાય? અત્યારે અમેરિકાનું પૂરું ધ્યાન ત્યાં કાયદો અને વ્યવસ્થા જાળવવા અને અર્થતંત્રને ફરીથી પાટા પર લાવવા પર છે.'

ડોનાલ્ડ ટ્રમ્પે વેનેઝુએલાના તેલ ક્ષેત્રને પુનર્જીવિત કરવા માટે એક મહત્વાકાંક્ષી આર્થિક યોજના રજૂ કરી છે, જેમાં અમેરિકન તેલ કંપનીઓની ભૂમિકા અત્યંત નિર્ણાયક રહેશે. આ પ્લાન મુજબ, વેનેઝુએલાના ભાંગી પડેલા એનર્જી સેક્ટરને ફરીથી કાર્યરત કરવાની જવાબદારી અમેરિકન



કંપનીઓ સંભાળશે, જેનાથી દેશના આર્થિક પુનરુત્થાનને વેગ મળશે. ટ્રમ્પનો અંદાજ છે કે આ સમગ્ર પ્રક્રિયા ૧૮ મહિનાથી પણ ઓછા સમયમાં પૂર્ણ કરી શકાય તેમ છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે આ પ્રોજેક્ટ માટેનો પ્રારંભિક ખર્ચ તેલ કંપનીઓ પોતે જ ભોગવશે અને ત્યારબાદ તેલના વેચાણમાંથી થતી આવક દ્વારા તેઓ પોતાની લાગત વસૂલ કરી શકશે.અમેરિકા વેનેઝુએલા સાથે યુદ્ધમાં હોવાના દાવાઓને ફગાવતા ટ્રમ્પે આક્રમક અંદાજમાં કહ્યું કે, 'અમે એ લોકો સામે યુદ્ધમાં છીએ જેઓ ડ્રગ્સ વેચે છે અને પોતાની જેલો ખાલી કરીને ડ્રગ એડિક્ટ્સ તથા માનસિક દર્દીઓને અમેરિકામાં મોકલી દે છે. વેનેઝુએલાની આ હાલતના જવાબદાર ત્યાંનું જૂનું નેતૃત્વ છે.

તેમણે વધુમાં કહ્યું કે, 'વિદેશ મંત્રી માર્કો રુબિયો વેનેઝુએલાના નેતૃત્વ સાથે સતત સંપર્કમાં છે. જો સહયોગ તૂટશે તો અમેરિકા બીજી સૈન્ય કાર્યવાહી માટે પણ તૈયાર છે, જોકે તેમણે આશા વ્યક્ત કરી હતી કે તેની જરૂર નહીં પડે.

નોંધનીય છે કે વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરોની કારાકાસમાં અમેરિકી કાર્યવાહી દરમિયાન ધરપકડ કરવામાં આવી હતી અને અત્યારે તેમની સામે ન્યૂયોર્કમાં નશીલા પદાર્થોની તસ્કરીના ગંભીર આરોપો હેઠળ કેસ ચાલી રહ્યો છે.

### તાઇવાનનું રાષ્ટ્રીય સુરક્ષા બ્યૂરો ચીનના સાયબર વોરથી ચિંતિત બન્યું

## તાઇવાન ઉપર દરરોજ ૨૬ લાખ સાયબર હુમલા । ચીન ઉપર સંગીન આરોપ

**સાયબર હુમલામાં વર્ષ ૨૦૨૫માં ૬ ટકાનો વધારો થયો । ઉર્જા, ઇમજરન્સી સિસ્ટમ અને હોસ્પિટલ વગરે પર થતા સાયબર હુમલા**

। એજન્સી, તાઈવાન, તા. ૬ ।

તાઈવાનમાં એક બુનિયાદી ઢાંચા જેમ કે હોસ્પિટલ અને બેંકો પર ચીન તરફથી થતા સાયબર હુમલામાં વર્ષ ૨૦૨૫માં ૬ ટકાનો વધારો થયો છે. તાઈવાનના રાષ્ટ્રીય સુરક્ષા બ્યૂરોના જણાવ્યા અનુસાર તાઈવાનની માળખાકિય સુવિધાઓ પર દરરોજ ૨૬ લાખ જેટલા સાયબર હુમલા થયા છે. ઉર્જા, ઈમજરન્સી સિસ્ટમ અને હોસ્પિટલ વગરે પર થતા સાયબર હુમલાઓની સંખ્યા વધતી જાય છે. બ્યુરોના એક અહેવાલમાં જણાવ્યા અનુસાર ચીનના સાઈબર સેનાએ રાજનીતિક અને અન્ય સૈન્ય ગતિવિધિઓનો તાલમેલ બેસાડવા માટે સાયબર હુમલાઓ આરંભ્યા છે.ચીને ૪૦ વાર તાઈવાનની નજીક સૈન્ય વિમાન અને યુદ્ધ પોત મોકલીને યુધ્ધ કરવાનો ઉન્માદ દર્શાવ્યો છે તેની સાથે સાઈબર હુમલા પણ કરે છે. એક અહેવાલ અનુસાર તાઈવાને ચીન પર હાઈબ્રિડ યુધ્ધ કરવાનો આરોપ મુકયો છે. તાઈવાન એક સ્વશાસિત(ઓટોનોમસ) ટાપુ છે જે પોતાને સ્વતંત્ર દેશ સમજે છે જયારે ચીન તાઈવાનને વન ચાઈના પોલીસી હેઠળ પોતાનો જ એક ભાગ સમજે છે. ચીન પોતાની પ્રચંડ શકિત અને ધાક ધમકીની મદદથી પોતાનામાં ભેળવી દેવાની નીતિ તરફ આગળ વધી રહયું છે.

દુનિયામાં માત્ર ૧૨ દેશો છે જે તાઈવાનને દેશ તરીકે મંજુરી આપે છે. જેમાં ગ્વાટેમાલ, પારાગ્વે, એસ્વાતીની,પલાઉ અને માર્શલ આઈલેન્ડન જેવા નાના ટાપુ દેશોનો સમાવેશ થાય છે.તાઈવાનમાં એક બુનિયાદી ઢાંચા જેમ કે હોસ્પિટલ અને બેંકો પર ચીન તરફથી થતા સાયબર હુમલામાં વર્ષ ૨૦૨૫માં ૬ ટકાનો વધારો થયો છે. તાઈવાનના રાષ્ટ્રીય સુરક્ષા બ્યૂરોના જણાવ્યા અનુસાર તાઈવાનની માળખાકિય સુવિધાઓ પર દરરોજ ૨૬ લાખ જેટલા સાયબર હુમલા થયા છે. ઉર્જા, ઈમજરન્સી સિસ્ટમ અને હોસ્પિટલ વગરે પર થતા સાયબર હુમલાઓની સંખ્યા વધતી જાય છે. બ્યુરોના એક અહેવાલમાં જણાવ્યા અનુસાર ચીનના સાઈબર સેનાએ રાજનીતિક અને અન્ય સૈન્ય ગતિવિધિઓનો તાલમેલ બેસાડવા માટે સાયબર હુમલાઓ આરંભ્યા છે.ચીને ૪૦ વાર તાઈવાનની નજીક સૈન્ય વિમાન અને યુદ્ધ પોત મોકલીને યુધ્ધ કરવાનો ઉન્માદ દર્શાવ્યો છે.

## પ્રિયંકાની વારાણસી ફિલ્મ આવતાં વર્ષે રામનવમીએ રિલીઝ થશે



। એજન્સી, મુંબઈ, તા.૬ ।

પ્રિયંકા ચોપરા તથા મહેશબાબુની ફિલ્મ 'વારાણસી' આગામી વર્ષે રામ નવમી વખતે રીલિઝ થાય તેવી સંભાવના છે. આ ફિલ્મમાં રામાયણનાં કથાનક સાથે સંબંધ ધરાવતી વાર્તા હોવાથી રાજામૌલીએ આ રીલિઝ ડેટ નક્કી કરી હોવાનું કહેવાય છે. પૃથ્વીરાજ સુકુમારનની પણ મહત્વની ભૂમિકા ધરાવતી ફિલ્મનું બજેટ ૧૩૦૦ કરોડ હોવાનો દાવો થઈ રહ્યો છે. ફિલ્મનું શૂટિંગ અગાઉ હૈદરાબાદ તથા ઓરિસ્સામાં તથા વિદેશમાં પણ થઈ ચૂક્યું છે. હજુ આ વર્ષે પણ ઘણું શૂટિંગ થવાનું હોવાનું કહેવાય છે.

ફિલ્મમાં એમ.એમ. કિરવાની મ્યુઝિક આપશે. જ્યારે પટકથા વિજયેન્દ્ર પ્રસાદે લખી છે. પ્રિયંકા ચોપરા તથા મહેશબાબુની ફિલ્મ 'વારાણસી' આગામી વર્ષે રામ નવમી વખતે રીલિઝ થાય તેવી સંભાવના છે. આ ફિલ્મમાં રામાયણનાં કથાનક સાથે સંબંધ ધરાવતી વાર્તા હોવાથી રાજામૌલીએ આ રીલિઝ ડેટ નક્કી કરી હોવાનું કહેવાય છે. પૃથ્વીરાજ સુકુમારનની પણ મહત્વની ભૂમિકા ધરાવતી ફિલ્મનું બજેટ ૧૩૦૦ કરોડ હોવાનો દાવો થઈ રહ્યો છે. ફિલ્મનું શૂટિંગ અગાઉ હૈદરાબાદ તથા ઓરિસ્સામાં તથા વિદેશમાં પણ થઈ ચૂક્યું છે. હજુ આ વર્ષે પણ ઘણું શૂટિંગ થવાનું હોવાનું કહેવાય છે. ફિલ્મમાં એમ.એમ. કિરવાની મ્યુઝિક આપશે. જ્યારે પટકથા વિજયેન્દ્ર પ્રસાદે લખી છે.

## વેનેઝુએલામાં નવા પ્રમુખની શપથવિધિ બાદ તણાવ! રાષ્ટ્રપતિ ભવન પાસે ભારે ગોળીબાર, અજ્ઞાત ડ્રોન દેખાયા

। એજન્સી, કારકાસ, ૬ ।

અમેરિકાએ વેનેઝુએલા પર હુમલો કરી નિકોલસ માદુરો અને તેમની પત્નીને કેદ કર્યા છે. જે બાદ હવે વેનેઝુએલાના પ ાટનગર કારાકાસમાં તણાવ વધી રહ્યો છે. સોમવારે વેનેઝુએલાના રાષ્ટ્રપતિ ભવન પાસે ભારે ગોળીબાર અને વિસ્ફોટ થયા. સુરક્ષાદળોએ અજ્ઞાત ડ્રોન પર ગોળી મારી. જે બાદ સમગ્ર વિસ્તારમાં તણાવ વધી ગયો છે. મીડિયા અહેવાલ અનુસાર આ સમગ્ર ઘટનાક્રમ દરમિયાન કેટલાક વિસ્તારોમાં વીજળી પણ ઠપ થઈ હતી. સુરક્ષા દળોની જવાબી કાર્યવાહી બાદ પ રિસ્થિતિ હવે નિયંત્રણમાં છે. નોંધનીય છે કે માદુરોને કેદ કરી લેવાયા છે. ત્યારે વાઈસ પ્રેસિડેન્ટ ડેલ્સી રોડ્રીગ્ઝ હવે વેનેઝુએલાની કમાન સંભાળશે. તેમણે વચગાળાના પ્રમુખ તરીકે શપથ પણ લઈ લીધા છે. તેમની શપથવિધિના થોડા કલાક બાદ જ રાષ્ટ્રપતિ ભવન પાસે ડ્રોન જોવા મળ્યા હતા.અમેરિકાએ વેનેઝુએલા પર હુમલો કરી નિકોલસ માદુરો અને તેમની પત્નીને કેદ કર્યા છે. જે બાદ હવે વેનેઝુએલાના પાટનગર કારાકાસમાં તણાવ વધી રહ્યો છે. સોમવારે વેનેઝુએલાના રાષ્ટ્રપતિ ભવન પાસે ભારે ગોળીબાર અને વિસ્ફોટ થયા. સુરક્ષાદળોએ અજ્ઞાત ડ્રોન પર ગોળી મારી. જે બાદ સમગ્ર વિસ્તારમાં તણાવ વધી ગયો છે. મીડિયા અહેવાલ અનુસાર આ સમગ્ર ઘટનાક્રમ દરમિયાન કેટલાક વિસ્તારોમાં વીજળી પણ ઠપ થઈ હતી.

## માદુરોની ધરપકડ મુદ્દે યુએનમાં હોબાળો! અમેરિકાનો જવાબ સાંભળી ચીન-રશિયા ભડક્યા । અમેરિકાએ આને 'યુદ્ધ' નહીં પણ 'કાયદેસરની કાર્યવાહી' ગણાવી

। એજન્સી, સંયુક્ત રાષ્ટ્ર, તા.૬ ।

વેનેઝુએલાના પૂર્વ પ્રમુખ નિકોલસ માદુરોની અમેરિકન સેના દ્વારા કરાયેલી નાટકીય ધરપકડના પડઘા હવે સંયુક્ત રાષ્ટ્ર(યુએન)માં સંભળાયા છે. સોમવારે બોલાવવામાં આવેલી સુરક્ષા પરિષદની ઈમરજન્સી બેઠકમાં રશિયા, ચીન અને કોલંબિયા જેવા દેશોએ અમેરિકાની આ કાર્યવાહીની આકરી ટીકા કરી હતી, જ્યારે અમેરિકાએ આને 'યુદ્ધ' નહીં પણ 'કાયદેસરની કાર્યવાહી' ગણાવી હતી.અમેરિકન પ્રતિનિધિ માઈક વોલ્ટ્ઝે સુરક્ષા પરિષદમાં સ્પષ્ટતા કરતા કહ્યું કે, 'વેનેઝુએલા કે ત્યાંની જનતા વિરુદ્ધ કોઈ યુદ્ધ શરુ કરવામાં આવ્યું નથી. માદુરો વિરુદ્ધની આ કાર્યવાહી કોઈ સૈન્ય હુમલો નથી, પરંતુ વર્ષોથી પેન્ડિંગ રહેલા નાર્કો-ટેરરિઝમ અને ડ્રગ્સની હેરાફેરીના ગુનાહિત કેસો અંતર્ગત લેવાયેલું કાનૂની પગલું છે.' અમેરિકાએ આક્ષેપ કર્યો કે માદુરોએ લાખો અમેરિકન નાગરિકોના જીવ જોખમમાં મૂક્યા છે.રશિયાએ આ ઘટનાને 'લોકતાંત્રિક રીતે ચૂંટાયેલા પ્રમુખનું અપહરણ' ગણાવ્યું છે. રશિયન રાજદૂત વેસિલી નેબેન્ઝિયાએ અમેરિકા પર પ્રહાર કરતા કહ્યું કે, 'આ કાર્યવાહી આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન છે. અમેરિકા પોતાની જાતને દુનિયાના સુપ્રીમ જજ માને છે, જે ગમે ત્યારે કોઈ પણ દેશમાં ઘૂસી શકે છે.' રશિયાએ માદુરો અને તેમની પત્નીની તાત્કાલિક મુક્તિની માંગ કરી છે.

ચીને પણ આ મામલે અમેરિકાને ઘેર્યું છે. ચીનના પ્રતિનિધિએ આ કાર્યવાહીને 'ધમકાવવા અને દાદાગીરી કરવા જેવો વ્યવહાર' ગણાવ્યો હતો. ચીને ચેતવણી આપી કે કોઈ પણ દેશ 'દુનિયાની પોલીસ' બની શકે નહીં અને સાર્વભૌમ દેશોની સીમાઓનું સન્માન થવું જોઈએ.

### યુએસ હુમલાનો ભય અને વકરતા આંદોલનથી ખામેનેઇ પર બેવડું દબાણ

### ખામેનેઇ પોતાની તમામ સંપત્તિ અને પરિવાર સાથે રશિયામાં શરણ લેવાની તૈયારીમાં : બ્રિટનના અખબારનો દાવો

## ઇસ્લામિક શાસન વિરુદ્ધ આંદોલન ઉગ્ર બને તો ખામેનેઇ ઇરાન છોડીને ભાગી જશે

। એજન્સી, તેહરાન, તા.૬ ।



ઈરાનમાં ઈસ્લામિક શાસન સામે દેશભરના મુસ્લિમો રસ્તા પર ઉતર્યા છે, એવામાં જો વિરોધ પ્રદર્શનો વધુ ઉગ્ર સ્વરૂપ ધારણ કરે તો ઈરાનના વડા અયાતુલ્લા અલી ખામેનેઇ દેશ છોડીને ભાગવાની તૈયારીમાં છે. ખામેનેઈએ ઉગ્ર વિરોધ જેવા સંજોગોમાં છટકીને રશિયા ભાગી જવા માટે પ્લાન બી તૈયાર કરી રાખ્યો છે. આ ખુલાસો બ્રિટનના અખબાર ધ ટાઈમ્સ દ્વારા કરવામાં આવ્યો છે.ઈરાનમાં ઈસ્લામિક શાસનનો અંત લાવવા મુલ્લાહ સત્તા છોડોના નારા સાથે લાખો લોકો રસ્તા પર ઉતર્યા છે. જેને પગલે ઈરાનના સુપ્રીમ લીડર અયાતુલ્લા અલી ખામેનેઈ પર સત્તા છોડવા દબાણ વધ્યું છે. બીજી તરફ અમેરિકા દ્વારા વેનેઝુએલા પર હુમલો અને તેના પ્રમુખ નિકોલસ માદુરોનુ અપ હરણ કરવામાં આવતા ઈરાનના વડા ખામેનેઈ પણ ભીસમાં આવ્યા છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પ હેલાથી જ ખામેનેઈને ધમકી આપી ચુક્યા છે અને કહ્યું છે કે જો વિરોધ પ્રદર્શન કરનારાઓની હત્યા કરાઈ તો આકરા પરિણામો આવશે. એવામાં હવે ઈરાનના વડા ખામેનેઈ ગમે ત્યારે ઈરાન છોડીને ભાગવાની તૈયારીમાં છે. બ્રિટનના અખબાર ધ ટાઈમ્સમાં જણાવવામાં આવ્યું છે કે ખામેનેઈએ ઉગ્ર પ્રદર્શનોની સ્થિતિમાં ઈરાન છોડવા માટે પ્લાન બી તૈયાર રાખ્યો છે. તેઓ પોતાના પરિવાર અને કેટલાક સમર્થકોની સાથે ઈરાન છોડીને રશિયામાં શરણ લઈ શકે છે. એટલુ જ નહીં જતા જતા પણ તેઓ પોતાની સંપત્તિને કબજામાં રાખતા જશે. તેમની પાસે આશરે ૯૫ અબજ ડોલરથી પણ વધુની સંપત્તિ છે. ખામેનેઈ પોતાની સાથે પોતાના પુત્ર મોજતબાને પણ સાથે લઈ જશે. આ પ હેલા સીરિયાના પૂર્વ તાનાશાહ શાસક અલ-અસદે પણ આ જ રીતે દેશ છોડીને ભાગી જવાનું પસંદ કર્યુ હતું. તેથી ખામેનેઈનો આ પ્લાન સીરિયાના એ શાસક સાથે સરખાવાઈ રહ્યો છે. ઈરાનમાં ઈસ્લામિક શાસન સામે દેશભરના મુસ્લિમો રસ્તા પર ઉતર્યા છે, એવામાં જો વિરોધ પ્રદર્શનો વધુ ઉગ્ર સ્વરૂપ ધારણ કરે તો ઈરાનના વડા અયાતુલ્લા અલી ખામેનેઈ દેશ છોડીને ભાગવાની તૈયારીમાં છે. ખામેનેઈએ ઉગ્ર વિરોધ જેવા સંજોગોમાં છટકીને રશિયા ભાગી જવા માટે પ્લાન બી તૈયાર કરી રાખ્યો છે. આ ખુલાસો બ્રિટનના અખબાર ધ ટાઈમ્સ દ્વારા કરવામાં આવ્યો છે.ઈરાનમાં ઈસ્લામિક શાસનનો અંત લાવવા મુલ્લાહ સત્તા છોડોના નારા સાથે લાખો લોકો રસ્તા પર ઉતર્યા છે. જેને પગલે ઈરાનના સુપ્રીમ લીડર અયાતુલ્લા અલી ખામેનેઈ પર સત્તા છોડવા દબાણ વધ્યું છે.

### કાસુવાન-દાજી ગામમાં | બોરગુ સ્થાનિક સરકારી કોલોનીમાં આતંકીઓએ ગોળીબારોને લીધે કાસુવાન-દાજી ગામમાં હુમલો કરી આતંકીઓએ ઘરોને આગ લગાડી

## નાઇજીરિયા : સશસ્ત્ર આતંકીઓના ગોળીબારથી ૪૦થી વધુ માર્યા ગયા

। એજન્સી, નવી દિલ્હી, તા.૬ ।

ઉત્તર પશ્ચિમ નાઈજીરીયામાં આવેલાં કાસુવાન-દાજી ગામમાં રવિવારે સાંજે આતંકીઓએ અચાનક ગોળીબારો કરતાં ૩૦ના સ્થળ ઉપર જ મૃત્યુ થયા હતાં. આતંકીઓએ ઘરોને આગ લગાડી દીધી હતી અને યુવતીઓ સહિત અનેકનાં અપહરણ કર્યા હતાં. પોલીસે પણ આ ગમખ્વાર ઘટનાના અહેવાલોને પુષ્ટિ આપી હતી.ઉલ્લેખનીય છે કે, માત્ર નાઈજીરિયા જ નહીં પરંતુ સહરાની દક્ષિણે રહેલા તમામ દેશોમાં કટ્ટરપંથી આતંકીઓના વારંવાર હુમલા થતાં રહે છે.આ હુમલા અંગે ખેદ વ્યક્ત કરતાં કોન્ટાગોરા ડાયોસેસે સ્થિત કેથોલિક ચર્ચના પ્રવકતા રેલરન્ડ ફાધર સ્ટીફન



કબીરાથે જણાવ્યું હતું કે ૩૦ નહીં પરંતુ વાસ્તવમાં ૪૦ લોકોના આ હુમલામાં મૃ ત્યુ થયાં છે. હુમલાખોરોએ છેલ્લા આઠેક દિવસથી આ શહેર ફરતા ફરી શહેરની બરોબર રેકી કરી નાખી હતી.આ હુમલો નાઈજીરીયાની કેટલીક આતંકી ટોળીઓએ કર્યો હોવાનું માનવામાં આવે છે. તેઓ ઉત્તર નાઈજીરીયાનાં જંગલોમાં છૂપાઈ રહે છે, ખાસ કરીને કાબે જિલ્લાનાં નેશનલ પાર્ક ફોરેસ્ટમાં છુપાઈ રહે છે. આતંકીઓના ત્રાસથી હવે સરકારી વનરક્ષકો પણ જંગલ છોડી જતા રહ્યાં છે. આવાં જંગલો અને ઝાડીઓ કટ્ટરપંથી આતંકીઓના અડ્ડા બની રહ્યાં છે. જ્યાંથી તેઓ વારંવાર હુમલા કરતા રહે છે.આ છેલ્લો હુમલો પાપીરી જાતિના ગામ ઉપર થયો હતો. આ વિસ્તારમાંથી જ નવેમ્બર મહીનામાં એક કેથોલિક સ્કૂલમાંથી ૩૦૦ બાળકો અને સીસ્ટર્સ (ટીચર્સ)ને આતંકીઓ ઉઠાવી ગયા હતા. હજી તેઓને છોડાવી શકાયાં નથી.ઉત્તર પશ્ચિમ નાઈજીરીયામાં આવેલાં કાસુવાન-દાજી ગામમાં રવિવારે સાંજે આતંકીઓએ અચાનક ગોળીબારો કરતાં ૩૦ના સ્થળ ઉપર જ મૃત્યુ થયા હતાં. આતંકીઓએ ઘરોને આગ લગાડી દીધી હતી અને યુવતીઓ સહિત અનેકનાં અપહરણ કર્યા હતાં. પોલીસે પણ આ ગમખ્વાર ઘટનાના અહેવાલોને પુષ્ટિ આપી હતી. ઉલ્લેખનીય છે કે, માત્ર નાઈજીરિયા જ નહીં પરંતુ સહરાની દક્ષિણે રહેલા તમામ દેશોમાં કટ્ટરપંથી આતંકીઓના વારંવાર હુમલા થતાં રહે છે.આ હુમલા અંગે ખેદ વ્યક્ત કરતાં કોન્ટાગોરા ડાયોસેસે સ્થિત કેથોલિક ચર્ચના પ્રવકતા રેલરન્ડ ફાધર સ્ટીફન કબીરાથે જણાવ્યું હતું કે ૩૦ નહીં પરંતુ વાસ્તવમાં ૪૦ લોકોના આ હુમલામાં મૃત્યુ થયાં છે. હુમલાખોરોએ છેલ્લા આઠેક દિવસથી આ શહેર ફરતા ફરી શહેરની બરોબર રેકી કરી નાખી હતી.આ હુમલો નાઈજીરીયાની કેટલીક આતંકી ટોળીઓએ કર્યો હોવાનું માનવામાં આવે છે.



































**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya